
# અધ્યાત્મ


વર્ષ-૫
અંક-૩
ડીસેમ્બર-૧૯૮૩

## સદ્‌ભાવભરી ભેટ

અધ્યાત્મ માસિકના ગ્રાહકો ને વાંચકો, તથા પ. પૂ. શ્રી યોગેશ્વરજી પરિવારના ભાઇબહેનો અધ્યાત્મને સદ્‌ભાવભરી ભેટો મોકલતા રહે છે. છેલ્લે મળેલી ભેટોની વિગત નીચે પ્રમાણે છે:–

૫૧] શ્રી હરસુખભાઈ ગંગાશંકર પંડયા, રાજકોટ તરફથી પુત્રના જન્મદિન નિમિત્તે.
૫૧] એક સદ્‌ગૃહસ્થ તરફથી.
૩૫૧] વડોદરાના એક શુભેચ્છક તરફથી.
૧૦૧] શ્રી જશભાઇ ભાઇલાલભાઇ પટેલ, વડોદરા પૌત્રનાજન્મદિન નિમિત્તે.
૨૫] શ્રી ગૌતમ બી ભટ્ટ તરફથી પુત્રજન્મ નિમિત્તે.
૨૫] સુરતના એક ભાવિક ભકત તરફથી.
૨૫] શ્રીરામભાઉ જોષીની પુણ્યસ્મૃતિ નિમિત્તે શ્રી વિજય પુરોહિત, વડોદરા તરફથી.
૧૫] શ્રી ઉત્તમભાઇ નગીનદાસ દૂધવાળા, સુરત તરફથી.
૧૧] મહેતા અંબાલાલ વલ્લભરાય તરફથી પુત્રી કલ્પનાના લગ્ન પ્રસંગે.

## આજીવન સભ્ય

અધ્યાત્મના નવા નોંધાયેલ આજીવન સભ્ય નીચે પ્રમાણે છે:
૩૫૨ શ્રી ભગાભાઇ કાળાભાઈ મિસ્ત્રી, સુપા (કુરેલ) રૂા. ૨૫૧]
૩૫૩ કિશનલાલ ત્રિકમજી પિતાંબર, મોરબી. રૂા. ૨૫૧]
૩૫૪ ડૉ. ખીમજી ચુ. નરમ, મુંબઇ રૂા. ૨૫૧]



પૂ. શ્રી યોગેશ્વરજી

# એવો યોગ કરું

હવે હું એવો યોગ કરું.
પ્રેમપ્રદીપ જીવની જ્વાળા, તપનું તેલ ભરું;
આતુરતા અંગારે એમાં પૂર્ણ પ્રકાશ કરું. હવે૦...

કંઠી કરુણા, ભસ્મ ભાવની, મનની માળ ધરું;
સુરતાને સાંધીને ચરણે આવી રોજ મળું. હવે૦...

શીલતણા સાધનથી સહેજે આ સંસાર તરું;
નામ નાવમાં નેહ કરીને દિન ને રાત ફરું. હવે૦...

રાગ હૃદયથી કરું તમોને, દિલનું દાન કરું;
તન મન અંતરની આરતિ ને પ્રેમપ્રસાદ ધરું. હવે૦...

પાગલ પરમપંથ છે ત્યારે ભટકી કેમ મરું;
સમતાની સિદ્ધિ પામીને કાય કૃતાર્થ કરું. હવે૦...

—શ્રી યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૫ અંક : ૩ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.)
અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર,
શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧


**લેખકોને નિમંત્રણ**

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**'અધ્યાત્મ' અંગે સૂચનો**

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવા.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શાંતિ આપે તેને સંત કહિયે | શ્રી યોગેશ્વરજી | ૩ |
| શ્રદ્ધાંજલિ શ્રી ઈશ્વર પેટલીકરને | તંત્રી | ૬ |
| સ્વામી શ્રી શિવપાદાનંદજી | મા સર્વેશ્વરી | ૯ |
| કાલીનું દર્શન | નારાયણ હ. જાની | ૧૬ |
| યાત્રા कोऽहम् થી सोऽहम् સુધીની | ભાઈલાલભાઈ છાટબાર | ૨૧ |
| અંજલિને અંજલિ | રા. પ્રે. પુરોહિત | ૨૪ |
| સર્વધર્મસમભાવનું ઉદાહરણ | વિશ્વનાથ ડોલરરાય હાથી | ૩૮ |
| મુંને લોને ચરણે | મુકુન્દભાઈ વિ. પારાશર્ય | ૩૩ |
| શામળિયે સામે જોયું ! | જગદીશચંદ્ર એમ. આચાર્ય | ૩૪ |
| શરણુ | ડૉ. રણજિત પટેલ | ૩૫ |
| નાગા જોગિયા | ભક્ત-સત્સંગી | ૩૬ |
| ગૃહત્યાગના મંથનનું સમાધાન | કનૈયાલાલ એમ. ઝિંઝુવાડિયા | ૪૨ |
| વિચાર મૌતિકો | સ્વામી વિવેકાનંદ | ૪૬ |
| શરણાગતિ | ફાધર વાલેસ | ૪૮ |
| મારી પ્રાર્થના ફળી | મમતા ભાટિયા | ૫૦ |
| પ્રકાશના પંથે | દીપક પ્ર. મહેતા | ૫૩ |
| પૂ. મા શ્રી સર્વેશ્વરીના જન્મદિનની ઉજવણી | હરિભાઈ બોઝાણી | ૫૮ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**—મા સર્વેશ્વરી**


વર્ષ : ૬ ડીસેમ્બર-૧૯૮૩ અંક : ૩


## શાંતિ આપે તેને સંત કહિયે

ભક્ત કવિ નરસિંહ મહેતાએ એક પદમાં ગાયું છેઃ-

શાંતિ આપે તેને સંત કહિયે,
એના દાસના દાસ થઈને રહિયે.
શાંતિ આપે તેને સંત કહિયે.

જે અન્યને શાંતિ આપે તેને સંત કહેવાય. એવા સંતપુરુષના સેવક બનીને, એમની જીવનપર્યંત સેવા કરીએ તો પણ ઓછું છે. એવા સંતપુરુષના આદેશાનુસાર ચાલીએ અથવા એના દાસ કે દાસાનુદાસ બનીને રહીએ તો જીવનના આધ્યાત્મિક વિકાસ માટે કલ્યાણકારક થાય. એનું દર્શન, સંભાષણ, ચિંતન, મનન, નિદિધ્યાસન સઘળું આશીર્વાદરૂપ ઠરે. એની મદદથી આપણી સુષુપ્ત શક્તિઓ જાગ્રત બને. શિલ્પની પેઠે પ્રસુપ્તાવસ્થામાં પડેલો પ્રાણ એના સુખદ શાંત સંજીવન સ્પર્શથી નવજીવન પામીને અવનવા આહલાદ આપ્લાવિત બનીને ઝંકૃત કરે, મહોત્સવ માણે, એ શાંતિ તો આપે જ પરંતુ સાથે સાથે જીવનને અસત્યમાંથી પરમસત્યમાં, અનિત્યમાંથી નિત્યમાં, પરિવર્તનશીલમાંથી અપરિવર્તનશીલમાં, અવિદ્યારૂપી અંધકારમાંથી પ્રજ્ઞાના પવિત્રતમ પ્રસન્ન પ્રદેશમાં, મૃત્યુમાંથી અમૃતપદમાં પ્રવેશ કરાવે. જીવનની આમૂલ કાયાપલટ કરે.

સંતનો સમાગમ માનવ શા માટે શોધે છે? કેટલાક લૌકિક હેતુઓની પૂર્તિને માટે શોધતા હશે. બીજા કેટલાક જિજ્ઞાસાના શમન માટે, તો કેટલાક આત્મોન્નતિની અભિલાષાથી પ્રેરાઇને આત્મોન્નતિના પાવન પંથે પ્રયાણ કરવા કે પ્રાણવાન પગલાં ભરીને પ્રગતિ કરવા માટે. હેતુ ગમે તેવો હોય તો પણ સૌ શાંતિને શોધે છે, શાંતિની ઇચ્છા રાખે છે, ને સંતની સંનિધિ દ્વારા ઓછા કે વત્તા પ્રમાણમાં એવી શાંતિ સાંપડે છે. સંતનો સમાગમ અશાંતિ ભાગ્યે જ પેદા કરે છે.

પરંતુ શાંતિ આપે કોણ? જે સરિતામાં સલિલ હોય છે તે જ બીજાને સલિલ અર્પી શકે છે. જે પ્રદીપની પાસે પ્રકાશ હોય છે તે જ અન્યને પ્રકાશ પહોંચાડી શકે છે. પુષ્પની પાસે પરિમલ, ચંદ્રની પાસે ચાંદની, વૃક્ષની પાસે શીતલ છાયા ના હોય તો તે અન્યને પરિમલનું, ચાંદનીનું, છાયાનું દાન કેવી રીતે દઈ શકે? સંત પુરુષ પાસે શાંતિ હોય, સંતપુરુષ એ શાંતિનું મૂર્તિમંત સ્વરૂપ હોય તો જ અન્યને શાંતિ સમર્પી શકે. અન્યની અંદર શાંતિને સંક્રાંત કરી શકે. સૌથી પ્રથમ તો સંતે શાંતિની, પરમ સનાતન શાંતિની સાધના કરીને એને હસ્તગત કરી હોવી જોઈએ. સંતને એવી સનાતન શાંતિના શ્રી વિગ્રહ સમાન માનવામાં આવે છે. એની આંખમાં શાંતિ, વાણીમાં શાંતિ, એના હલન ચલનમાં શાંતિ, મનમાં શાંતિ, વિચારોમાં, ભાવોમાં, સંકલ્પ વિકલ્પમાં શાંતિ, અંગેઅંગમાં અને રોમેરોમમાં શાંતિ. રક્તના રણકારમાં શાંતિ. શાંતિ શાંતિ અને શાંતિ. શાંતિ એના વ્યક્તિત્વનું, અવિભાજ્ય અભિન્ન અંગ વિશેષ બનીને બેસી જાય છે. એણે શાશ્વત શાંતિ સ્વરૂપ પરમાત્માની પૂજા, પ્રીતિ, આરાધના કરીને એમનું અનુસંધાન સાધ્યું હોવાથી એ સ્વયં શાંતિ સ્વરૂપ બન્યો હોય છે. એની અંદરથી શાંતિનો પ્રબલ પ્રવાહ વહ્યા કરે છે. એટલે જ એના



સંસર્ગમાં સૌને શાંતિ સાંપડે છે. એનું એ સૌથી મોટું પ્રદાન હોય છે.

શ્રીમદ્ભાગવતમાં સ્વનામધન્ય શ્રી શુકદેવજીએ કહ્યું છે કે જેનું મન શાંત છે તે સંત છે. એમની એ સંત વ્યાખ્યા ખૂબ જ સુચક છે. મન અશાંત કેમ હોય છે? અહંકાર, મમતા, ભય, રાગદ્વેષ, દુન્યવી તૃષ્ણાઓ, એટલે, અવિદ્યાને લીધે. સંતે એ અવિદ્યાનો અંત આણીને જીવનને નિર્મળ, નિર્મમ, નમ્ર, નિર્વાસનિક, પ્રભુપરાયણ કર્યું હોવાથી શાંતિની સંપ્રાપ્તિ કરી હોય છે. સંતનો વેષ સજવાથી સાચા સંત નથી થવાતું. નામ બદલવાથી, સ્થાનાંતર કરવાથી કે કાર્યને ત્યાગવાથી પણ સંત નથી બનાતું. સંતની અનિવાર્ય આવશ્યકતા સાત્ત્વિકતા છે. ભગવદ્ભજન ને ભગવદ્પ્રેમ છે. નિત્યાનિત્ય વસ્તુનો વિવેક તથા વૈરાગ્ય છે. શમદમાદિ છે. વિચાર, ભાવ વ્યવહારની વિમળતા છે. એ જ માનવને સાચા અર્થમાં સંત બનાવે છે. એવા સંત શાંતિ આપે છે. એનાથી અધિક અગત્યનું બીજું શું આપી શકાય? એનું મૂલ્ય બીજા બધાજ દુન્યવી દાનથી મોટું છે. માટે જ એને આપનારની પ્રેમપૂર્ણ પ્રશસ્તિ કરવામાં આવે છે. એને પ્રણમ્ય ગણવામાં આવે છે.

શ્રી યોગેશ્વરજી

# શ્રદ્ધાંજલિ શ્રી ઈશ્વર પેટલીકરને...

ગુજરાતી સાહિત્યમાં ગ્રામજીવન અને સમાજજીવનના ધબકારાને આલેખનારા નીડર તથા તટસ્થ અખબારી કટાર લેખક એવા શ્રી ઈશ્વર પેટલીકરનું તા. ૨૩–૧૧–૮૩ ના રોજ હૃદયરોગના હુમલાથી અવસાન થયું જાણી, ભારત અને ભારત બહાર વસતા અનેક ગુજરાતી ભાઇ બહેનોએ ઊંડા દુઃખની લાગણી અનુભવી હશે. સદાયે શાંત ને હસમુખી મુખમુદ્રાવાળા, સાદા, સરળ ને નિરભિમાની ઈશ્વરભાઈ આપણી વચ્ચે નથી એ માની શકાતું નથી. પરંતુ વાસ્તવિકતાને સ્વીકારવી જ રહી.

શ્રી ઈશ્વરભાઇને હું ૧૯૫૮ થી ઓળખતો. તે વખતે હું નડિયાદમાં હતો મારા પડોશી મહુધાના શ્રી છોટુભાઇ પટેલ–નડિયાદના લોકમત સાપ્તાહિકના સહતંત્રી. તેઓશ્રી ઈશ્વરભાઇના સ્નેહી એટલે અવારનવાર તેમને ત્યાં તેઓ આવતા.

પરંતુ મને તેઓશ્રીનો પ્રત્યક્ષ પરિચય તો ૧૯૮૧ ના મે માં અમદાવાદની ધ્યાનસાધના શિબિરમાં થયો. શિબિરની સવારની બેઠકમાં એ નિયમિત આવતા. અમે નજીક નજીક બેસતા. વળી શિબિરની બેઠકોના પ્રારંભમાં તેમજ તે પછી એમને મળવાનું થતું. ત્યારે લાગતું કે ગુજરાતી સાહિત્યકારોમાં સારી એવી ખ્યાતિ ધરાવતા, સંદેશ દૈનિકની "લોકસાગરને તીરે"ની કટારના ખ્યાતનામ લેખક આટલા બધા સાદા ને સરળ !

પછી તો અમારો પરિચય ઉત્તરોત્તર ગાઢ થતો ગયો. તેઓ પ. પૂ. શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. માશ્રી સર્વેશ્વરી પ્રત્યે ખૂબ પ્રેમભાવ ને આદર રાખતા.



એ કહેતા કે પૂ. મહાત્મા ગાંધીજીની લોક ચળવળની અસર નીચે આવેલો હું માનતો કે આપણે સાદું, પવિત્ર ને બીજાને ઉપયોગી થતું જીવન જીવીએ, પછી કોઇ સાધનાની જરૂર નહીં. વ્યકિતના પોતાના વિકાસ માટે આત્મિકસાધના–ધ્યાન ધારણા જરૂરી છે, એવો ખ્યાલ તો પ. પૂ. શ્રી યોગેશ્વરજીના નજીકના પરિચયમાં આવ્યા પછી જ મને આવ્યો. તે પછી તેઓ અમદાવાદના ધ્યાન કેન્દ્રમાં આવતા પણ ખરા.

તેઓ કહેતા " પ. પૂ. શ્રી યોગેશ્વરજી મને એટલા માટે ગમે છે કે તેઓમાં મને પ. પૂ. મહાત્મા ગાંધીજીની સ્વચ્છતા સાદાઈ, નિયમિતતા, સત્યપ્રિયતા, નીડરતા, ખાદી પ્રત્યેનો પ્રેમ, અને સૌથી મહત્ત્વનું વિચાર વાણી ને વર્તન વચ્ચેની એકવાકયતા જોવા મળે છે. એમની આધ્યાત્મિક અનુભૂતિઓ વિષે હું બહુ સમજતો નથી. તેમાં અશ્રદ્ધાય નથી કરતો. પરંતુ મારા જીવનમાં એ દિશાનું ખેડાણ ખાસ થયેલું નથી એટલે એ વિષે અભિપ્રાયેય નથી આપતો. આમ છતાં પ. પૂ. મહાત્માજી મને ખૂબ ગમે છે. હું એમને ખૂબ આદર ને પ્રેમથી જોઉ છું.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને તદ્દન ઓછા પરિચયે પણ તેઓ આધુનિક યુગનાં મીરાં છે, એમ કહેનાર શ્રી ઈશ્વરભાઇ પહેલા હતા. તેઓ કહેતા કે મને પૂ. માના ભજનોમાં ભક્ત મીરાંબાઇનાં શ્રદ્ધા, ભકિત ને પ્રેમના ભાવોનું દર્શન થાય છે.

છેલ્લા ચાર વર્ષોથી શ્રી ઈશ્વરભાઈ મારે મન એક માનાર્હ વડીલ જેવા હતા. એમની તટસ્થતા ને પરિસ્થિતિનું વાસ્તવિક મૂલ્યાંકન–મને ખૂબ ગમતું. તેઓમાં સામાજિક કે રાજકીય પ્રશ્નોને તટસ્થભાવે નીરખવાની, સમતાપૂર્વક જોવા-

ની આગવી દૃષ્ટિ હતી.

પૂ. શ્રીનો મુકામ અમદાવાદ હોય ત્યારે તેઓ અવારનવાર એમની પાસે આવતા અને એક સામાન્ય વ્યકિતની જેમ ખૂબ નિરાભિમાનપૂર્વક અન્ય સાધકો સાથે ભળી જતા. એમના અતિ નમ્ર ને નિરાભિમાની સ્વભાવને લીધેજ, તેઓ આમ પ્રજાના પ્રશ્નોને યથાર્થ રીતે સમજીને સબળ રીતે રજૂ કરી શકતા.

આવા ઇશ્વરભાઇના જવાથી એમના પરિવારને તો પારાવાર ખોટ પડી છે, પરંતુ ગુજરાતની પ્રજાએ સમાજની કુરૂઢિઓ ને કુરિવાજો સામે બંડ પોકારનાર નીડર પત્રકાર ને લેખક ગુમાવ્યો છે; તો મારા જેવા નાના માણસોએ એક સ્નેહાળ સંભાવિત આત્મીય જન ગુમાવ્યો છે.

શ્રી ઈશ્વરભાઇનું જીવન તો ખુલ્લી કિતાબ જેવું સાદું, સરળ હતું. એમાં કયાંય છળકપટ કે પ્રપંચની ગંધ સુદ્ધાં ન હતી. એમણે જીવતાં જ સમત્વભાવ પ્રાપ્ત કરીને માનસિક શાંતિનો અનુભવ કરી લીધેલો. એમને માટે મૃત્યુ પહેલાં શાંતિ જ હતી. પછી મૃત્યુ પછીની શાંતિનો પ્રશ્ન જ કયાં રહ્યો ?

શ્રી ઇશ્વરભાઇના જીવનનાં અનેક પાસાં હતાં. સમાજ સુધારક, કટાર લેખક, સાહિત્યકાર ને વિવેચક એ બધાં વિષે તો હું શું લખું ! અહીં તો મેં શ્રી ઇશ્વરભાઇ સરળ, સીધાસાદા, ઉત્તમ માનવ હતા—એમના આ પાસાંને નમ્રભાવે હૃદયમાં ઉભરાતા ભાવોની એક શ્રદ્ધાંજલિ જ સમગ્ર યોગેશ્વર પરિવારના સાધક ભાઇબહેનો વતીથી આપવા પ્રયાસ કર્યો છે. એમના જીવનકાર્યની સરખામણીમાં મારી આ અંજલિ તો સાગરમાંથી કાઢેલી ગાગર જેટલી જ છે.

પ્રભુ, એમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

—તંત્રી



વિદેશની વિશેષતા

# સ્વામી શ્રી શિવપાદાનંદજી

—મા સર્વેશ્વરી

વિદેશની ધરતી ઉપર પણ સંતોનાં દર્શન થાય ? કેમ ન થાય ? સંતો તો સર્વત્ર હોઇ શકે.

૧૯૮૨ ના નવેમ્બર માસમાં પૂ. શ્રી યોગેશ્વરજી સાઉથ આફ્રિકાની યાત્રાએ પધાર્યા.

સાઉથ આફ્રિકાના ડરબન શહેરની એક સંસ્થાના આમંત્રણને માન આપી એ ધાર્મિક યાત્રાનું આયોજન થયું.

ડરબન શહેર ઘણું મોટું છે. ત્યાં પહોંચ્યા પછી બીજે જ દિવસે ડરબન શહેરના શ્રી રામકૃષ્ણ સેન્ટરની મુલાકાત લેવાનું બન્યું.

૧૯૪૨ થી સ્થપાયેલી એ સંસ્થા બંગાળના જ નહીં, વિશ્વભરના વિખ્યાત સંતપુરુષ શ્રી રામકૃષ્ણ પરમહંસના નામ સાથે સંકળાયેલી છે.

એ સંસ્થાના વિશાળ સત્સંગભવનમાં જ્યારે અમે પ્રવેશ્યા ત્યારે ત્યાં શ્રી રામકૃષ્ણદેવની સમાધિસ્થ ઊભી ભાવમય પ્રતિમાનાં દર્શન પ્રવેશદ્વારમાં જ થયાં. અંદર મંદિરમાં શ્રી રામકૃષ્ણદેવની બેઠેલી અવસ્થાની પ્રતિમાનાં દર્શન થયાં.

દર્શન કરી રહ્યા ત્યાં તો એક ભગવાવસ્ત્રધારી વ્યકિત અમારી પાસે આવી પહોંચી.

માથે લાંબા કાળા વાળ, કાળા વાળથી શોભતી દાઢીવાળું મુખમંડળ, મુખ ઉપર પ્રસન્નતા, પ્રેમાળ આંખ, શરીર ઉપર ભગવાં વસ્ત્રો.

પૂ. શ્રી યોગેશ્વરજી સાથે પ્રણામની ઔપચારિક વિધિ પૂરી કરી ત્યાં જ શ્રી રતિભાઈએ પરિચય પ્રદાન કર્યો:—

સાઉથ આફ્રિકામાં શ્રી રામકૃષ્ણ સેન્ટર ઘણાં શહેરોમાં ચાલે છે. તે બધા જ સેન્ટરોના મુખ્ય અધ્યક્ષ સ્વામી શ્રી શિવપાદાનંદજી છે.

પરિચય બાદ સ્વામી શ્રી શિવપાદાનંદજી અમને એમના બેઠકના અલગ સ્થાન તરફ દોરી ગયા.

અને ત્યાં સ્વામીજીની જે મુખ્ય બેઠક હતી એ બેઠક ઉપર જ ખૂબ આગ્રહ કરીને પૂ. શ્રી યોગેશ્વરજીને તેઓએ બેસાડ્યા.

પ્રથમ દર્શને જ આખાયે દેશના શ્રી રામકૃષ્ણ સેન્ટરના એ મુખ્ય અધ્યક્ષ સ્વામીના અંતરમાં કેટલી બધી નમ્રતા, અતિથિ સંત પ્રત્યે કેવો અદ્દભુત પ્રેમભાવ છે તે અનુભવવા મળ્યો.

પ્રથમ મુલાકાતે પૂ. શ્રીએ થોડી વાતો કરી. પરિચય તો ત્યાંથી જ શરૂ થયો અને પછી ઉત્તરોત્તર પ્રેમભાવ વધતો જ ગયો. પૂ. શ્રીનાં જાહેર અંગ્રેજી પ્રવચનોની શુભ શરૂઆત શ્રી રામકૃષ્ણ સેન્ટરથી જ થઈ. પછી તો સેન્ટરની ઘણીવાર મુલાકાત લીધી. ઘણાં પ્રવચનો પણ ત્યાં થયાં.

મેં એક મુલાકાતમાં પૂજ્યપાદ સ્વામીશ્રી શિવપાદાનંદજી ના જીવન વિષે પણ થોડી માહિતી મેળવી. સ્વામીજી પોતાની સાધના વિષે ખાસ વાતો નથી કરતા એવું પણ શ્રી રતિભાઈએ જણાવેલું, છતાં સ્વામીજીના શ્રીમુખે જે કંઈ જાણવા મળ્યું તે ઘણું પ્રેરક હતું.

પૂજ્યપાદ સ્વામી શ્રી શિવાપાદાનંદજીના માતાપિતા મહાકાલીના ઉપાસક હોવાથી નાનકડી ઉંમરથી જ સ્વામીજી



પણ પૂજા માટે મંદિરમાં જતા. એમનો જન્મ સાઉથ આફ્રિકામાં જ થયો હોવા છતાં બાળપણથી જ આધ્યાત્મિક સંસ્કારોનું ઘડતર સહજ રીતે થયું.

શરૂઆતમાં તેમને ભગવાન શંકર અને હનુમાન પ્રત્યે પણ આકર્ષણ હતું. છતાં પૂર્વના પવિત્ર સંસ્કારો જાગ્રત થયા ત્યારે એમને એક વિદેશી વૃદ્ધ મહારાજ પાસે બ્રહ્મચર્યની દીક્ષા મળી.

સાઉથ આફ્રિકામાં ઇ. સ. ૧૯૪૨ માં જેમણે શ્રી રામકૃષ્ણ-સેન્ટરની સ્થાપના કરેલી તે ગુરુ મહારાજ સ્વામી શ્રી નિશ્ચલાનંદજીનો સહજ રીતે જ મેળાપ થયો.

ગુરુ મહારાજ સ્વામી શ્રી નિશ્ચલાનંદજી એકવાર સ્વામી શ્રી શિવપાદાનંદના ઘરે આવેલા. એમની માતાને એમણે કહ્યું કે આ છોકરો મને આપી દો. અને માતાએ એ વાતને સ્વીકારી લીધી.

પરિણામે સમાજને સ્વામી શ્રી શિવપાદાનંદજી જેવા સંતરત્નની ભેટ મળી. માતાનો કેવો ત્યાગ અને સદ્ગુરુની કેવી દૂરદર્શિતા કે દિવ્ય દૃષ્ટિ!

સ્વામી શ્રી નિશ્ચલાનંદજીએ શ્રી શિવપાદાનંદજીની આધ્યાત્મિક યોગ્યતાને જાણી લીધી હોય એમ ઘણીવાર કહેતા કે ભવિષ્યમાં આશ્રમ એ જ સંભાળશે.

અને સાચે જ ઇ. સ. ૧૯૬૫ માં ગુરુ મહારાજનું શરીર શાંત થયું, એટલે ૧૯૬૬ માં સ્વામી શ્રી શિવપાદાનંદજીએ સંન્યાસ લીધો અને ગુરુ મહારાજે સ્થાપેલા શ્રી રામકૃષ્ણ સેન્ટરની પણ સંભાળ લેવાની જવાબદારી સ્વીકારી લીધી. અને એ રીતે ગુરુ મહારાજના શબ્દો સાચા ઠર્યા.

શ્રી રામકૃષ્ણપરમહંસ દેવ તથા મહાકાલીમાં સ્વામી શ્રી શિવપાદાનંદજી ને નાનપણથી જ અનન્ય શ્રદ્ધા હતી. પરિણામે તેમને સાધનાત્મક ક્ષેત્રે ઘણાં દિવ્ય દર્શનના અનુભવો પણ થાય છે.

સંન્યાસ લીધા પછી એમણે ભારતની અત્યાર સુધી ત્રણવાર યાત્રા કરી. અને વસિષ્ઠગુફા, ઋષિકેશ, બેલુરમઠ, દક્ષિણેશ્વરમાં પણ નિવાસ કરીને શ્રી રામકૃષ્ણ મીશનના અધ્યક્ષ સ્વામી શ્રી વિરેશ્વરાનંદજી સાથે પણ તેઓ થોડુંક રહ્યા.

એમણે ઇ. સ. ૧૯૫૯ માં ડરબનમાં અવોકા વિસ્તારમાં એક સંસ્થાની સ્થાપના કરી. ઇ. સ. ૧૯૮૦ માં એસેવીલ માં આવેલી બીજી સંસ્થાની સ્થાપના કરી. વળી આજકાલ પીટર્સમેરીબર્ગમાં ત્રીજું કેન્દ્ર ચાલુ થઇ ગયું છે. આમ સ્વામીજીના શુભ હસ્તે શ્રી રામકૃષ્ણ સેન્ટરનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે.

ડરબનમાં બે સંસ્થાઓનું સફળતાપૂર્વક આધ્યાત્મિક રીતે સ્વામીશ્રી શિવપાદાનંદજી નેતૃત્વ સંભાળી રહ્યા છે. વળી ત્યાં બે નાનકડા યુવાન સંન્યાસીઓ સ્વામીશ્રી પ્રેમાનંદજી તથા સ્વામીશ્રી શારદાનંદજી અને ઇસ્ટ લંડનમાં સ્વામીશ્રી માધવાનંદજીને પણ પૂજ્યપાદ શિવપાદાનંદજીએ આધ્યાત્મિક રીતે તૈયાર કર્યા છે.

ડરબનના બન્ને સેન્ટરોમાં દર શનિરવિ જાહેર સત્સંગભજનકીર્તનના કાર્યક્રમો થાય છે. જનતા ઘણા ઉત્સાહથી ત્યાં નિયમિત આવીને ભાગ લે છે. શ્રી રામકૃષ્ણદેવનો જન્મોત્સવ, શિવરાત્રી, જન્માષ્ટમી જેવા ઉત્સવો પણ ઉજવાય છે. આખા દેશના વિદ્યાર્થીઓનું પણ સંમેલન ત્યાં ભરાય છે. વિદ્યાર્થીઓની રેલી પણ નીકળે છે. સાઉથ આફ્રિકામાં શ્રી રામકૃષ્ણપરમહંસદેવની આધ્યાત્મિક પ્રસાદી એ સ્થળોમાંથી સૌને મળે છે.



ડરબનનું અવોકાનું એ સેન્ટર વિશાળ જમીનમાં પથરાયેલું છે. ત્યાં પ્રવેશ કરતાં જ આપણને કોઇ પ્રાચીન ઋષિ મુનિઓના શાંત આશ્રમમાં પ્રવેશ કરતાં હોઇએ એવો સહજ રીતે જ અનુભવ થાય છે. તે સ્થાનમાં પ્રવેશતાં જ મોરલાઓ કુદરતી રીતે વિહરતા જોવા મળે છે. સુંદર વૃક્ષો ને વેલીઓથી શોભતા એ સ્થાનમાં બહાર જ ભગવાન શંકરની આરસની સુંદર આકર્ષક નાનકડી પ્રતિમા અને એના ઉપર સહજ રીતે જળનો છંટકાવ થતો જોવા મળે છે. હોલમાં શ્રી રામકૃષ્ણદેવની બેઠેલી પ્રતિમાનું દર્શન થાય છે.

વળી હોલની પાછળના જંગલ જેવા રળિયામણા માર્ગમાં એક નાનકડી ગુફા જેવું સ્થાન જોવા મળે છે. જ્યાં સ્વામીશ્રી શિવપાદાનંદજી ઘણીવાર એકાંતવાસ કરે છે અને આત્મિક રીતે સાધના કરવામાં પોતાનો સમય વિતાવે છે. સતત પ્રવૃત્તિશીલ જીવનમાંથી પણ તેઓ એકાંતવાસને ઇચ્છે છે અને અનુભવે છે.

બન્ને સ્થાનો સવારે છ થી સાડાનવ સુધી ખુલ્લાં રહે છે. સેન્ટરને પોતાનું પ્રેસ છે. જ્યાંથી જ્યોતિ નામનું મેગેઝીન બહાર પડે છે. પુસ્તકો પણ છપાય છે.

સ્વામીશ્રી શિવાપાદાનંદજી દરરોજ સવારે નવ વાગ્યા સુધી પોતાની સાધનામાં જ સમય વિતાવે છે. માનવસેવા એ જ પ્રભુસેવા છે, એવું તેઓશ્રી માને છે.

સ્વામીશ્રી શિવપાદાનંદજીનાં લોખંડી આકર્ષક વ્યક્તિત્વથી જનતા શ્રી રામકૃષ્ણદેવ પ્રતિ પ્રેમ અને આદરનો અભિગમ રાખે છે.

જ્યારે જ્યારે અમારે પ્રવચન માટે જવાનું થતું ત્યારે ત્યારે હોલમાં ભજનકીર્તનનો કાર્યક્રમ ચાલુ રહેતો. અમને હોલની બહાર બેઠકના સ્થાનમાં પાંચદશ મિનિટ બેસાડવામાં આવતાં. પછી સ્વામીશ્રી શિવપાદાનંદજી જેઓ કાર્યક્રમમાં બેઠા હોય તેઓ સૌને ભજન ધૂન પૂર્ણ થતાં જાણ કરતા. જાણ કરવાની એમની રીત અનોખી હતી. તેઓ માઇક ઉપરથી જાહેર કરતાં જણાવતા કે ભારતથી પધારેલા મહાન સંત શ્રી યોગેશ્વરજી મહારાજ હવે પ્રવચન માટે પધારશે તો સૌ ઊભા થાઓ, એમ કહીને પોતે પણ ઊભા થઈ જતા. પૂ. શ્રીના પ્રવેશ પછી પ્રણામ કરતા અને સત્સંગ સ્થળની બેઠક તરફ દોરી જતા. એ જ રીતે પ્રવચન પૂર્ણ કરીને વિદાય લેવાની ક્ષણે પણ હોલમાં બેઠેલા વિશાળ શ્રોતાવર્ગને ઊભા કરતા. અમને હોલની બહાર પોતાની બેઠકના અલગસ્થાનમાં લઇ જતા, અને પોતાની જ બેઠક ઉપર પૂ. શ્રી યોગેશ્વરજીને આગ્રહ કરીને બેસાડતા. પોતે બાજુની બેઠક ઉપર બેસતા. શ્રોતાવર્ગ કાર્યક્રમ પૂર્ણ થતાં સ્વામીજીને પ્રણામ કરવા આવતો ત્યારે પુ. શ્રીને પણ પ્રણામ કરવાનું પ્રેમભર્યું સૂચન શ્રોતાઓને ઇશારો કરીને આપતા.

જે મહાપુરુષ હોય છે તેના હૃદયમાં બીજાની મહાનતાને માપવાની અને તેને નમ્રાતિનમ્ર બનીને આવકારવાની વિરલ શક્તિ હોય છે. એજ શક્તિ વિદેશમાં વસતા એ સાચા મહાપુરુષ સ્વામી શ્રી શિવપાદાનંદજીમાં પણ જોવા મળી. પોતાના વિશાળ ચાહક વર્ગ સામે અન્ય સંતપુરુષને પ્રણામ કરીને પોતાનું જ આસન આપવાનું કાર્ય ને સૌને પ્રણામ કરવાનું સૂચન તો જે સાચા સંત છે તે જ કરી શકે છે.



પૂ. શ્રી યોગેશ્વરજી તો અમારા આધ્યાત્મિક પિતા જેવા લાગે છે. એમને જ સાંભળવા જોઇએ. એમના સંપ્રદાયવિહીન ઉપદેશ જ્ઞાનથી ભરેલા છે. એવા એવા ભાવ સાથે સ્વામી શ્રી શિવપાદાનંદજીએ પૂ. શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનોનું આયોજન કર્યું.

ઈ.સ. ૧૯૪૨થી જે રીતે શ્રી રામકૃષ્ણદેવનો જન્મોત્સવ ઉજવાતો તે પ્રણાલિકામાં ફેરફાર કરીને તે ઉત્સવમાં ફક્ત પૂ. શ્રી યોગેશ્વરજીનું જ પ્રવચન **ધર્મની એકતા** ઉપર થાય એવું પણ આયોજન તેમણે કર્યું એ એમના વ્યક્તિત્વની મહાનતા હતી.

સ્વામીજી પોતે એક ઉચ્ચ કોટિના મહાપુરુષ છે. આધ્યાત્મિક અનુભૂતિને પામનારા સંતપુરુષ છે. સારા વકતા અને લેખક પણ છે. પોતાના મધુર કંઠે શ્રી રામકૃષ્ણદેવની ધૂન બોલાવે છે ત્યારે તેમનામાં રહેલા ભક્તપુરુષનું દર્શન થાય છે. સૌ કોઇ સાથે પ્રેમમય વ્યવહાર એ એમની લાક્ષણિકતા છે.

વિદેશની ધરતી ઉપર એવા અસામાન્ય મહાન સંતપુરુષનાં દર્શન અને સમાગમનો અમૂલ્ય લાભ મળી શકયો. એવા નમ્ર, મહાન, અનુભવી, પ્રેમાળ સંતપુરુષના શ્રીચરણોમાં વારંવાર પ્રણામ.

# કાલીનું દર્શન

મુક્ત અનુવાદ : નારાયણ હ. જાની

રામકૃષ્ણદેવના ભાણેજ હૃદયે તેઓની સાથેના પોતાના સંબંધો, તેમજ તેઓની આશ્ચર્યજનક વર્તણુંકનું વર્ણન કરેલું છે. "તે લખે છે કે તે દિવસોમાં કાળીના મંદિરમાં પેસતા, મામા ત્યાં ન હોય તોપણ, તેનું વાતાવરણ ભય-ભીત ને ચકિત્ત કરનારું અનુભવાતું. તેઓ જ્યારે હોય તો તો આવું વિશેષ લાગતું. આમ છતાં, તેઓ જગદંબાની કેવી રીતે પૂજા કરે છે, તે જોવાનું પ્રલોભન હું રોકી ન શકતો. તેમને તે વખતે પૂજા કરતાં હું જોતો ત્યારે મારું દિલ ભકિત અને પૂજ્યભાવથી ભરાઈ જતું. પરંતુ હું મંદિરમાંથી જેવો બહાર આવતો કે મને શંકાઓ થવા લાગતી. મને થતું કે શું મામા ખરેખર ગાંડા થઈ ગયા છે! આમ ન હોય તો પૂજા કરતાં કરતાં એમણે આવી ભયંકર વસ્તુઓ શું કરવા કરવી જોઈએ? મને એ ભય રહ્યા કરતો કે આ સંબંધેરાણી રાસમણિને મથુરબાબુ જાણશે તો તેઓ શું કહેશે? જો કે રામકૃષ્ણને આની કોઈ ચિન્તા ન હતી. હું તે વખતે તેમની સાથે વધુ વાતચીત કરવાનું સાહસ ન કરી શકતો. મને એવું લાગતું કે અમારી બેની વચ્ચે કોઇ પ્રકારનો પડદો છે. એટલે હું મારાથી બની શકે તેટલી સારી રીતે એમની મૂંગા મૂંગા સેવા કર્યા કરતો. પરંતુ મારા મનમાં એવો ભય રહ્યા કરતો કે એક દિવસ એમનો પાકો ભવાડો થવાનો."

હૃદયનો આ પ્રકારનો ભય વ્યાજબી હતો. આગળ ઉપર તે લખે છે કે તે વખતે મામાની આંખો ને છાતીનો ભાગ, દારૂડિયાની જેમ, હંમેશાં લાલચોળ રહેતો. તેઓ પોતાના



પૂજાના આસન ઉપરથી એકદમ કૂદકો મારીને ઊભા થઇ, જગદંબાની મૂર્તિની બેઠક ઉપર ચઢી જતા. પછી મા, જગદંબાની ચીબુકને ખૂબ ભાવપૂર્વક સ્પર્શ કરીને હસી પડતા. તેઓ કદીક મા જગદંબા આગળ ગાવા, હસવા, વાતો કરવા તો કદીક વિનોદ કરવા લાગતા. તો વળી કદીક એનો હાથ પકડી ભાવથી નાચવા લાગતા. મા જગદંબાને થાળ ધરાવતાં મેં જોયું કે તેઓ એકાએક ઊભા થઇ જતા ને ભોજનનો કોળિયો થાળી-માંથી લઈ જગદંબાના મોઢાંને અડાડી કહેવા લાગતાઃ 'મા, તું ખા, જરૂરથી ખા." તો વળી પાછા કહેવા લાગતા–"હું ખાઉં એમ તું ઈચ્છે છે. તે પછી તું ખાઇશ." તો લે હું હવે ખાઉં છું. એમ કહી થાળીમાંનો પ્રસાદ પોતે ખાવા લાગતા. અને પછી બાકીનો થાળીમાંનો પ્રસાદ મા જગદંબાના મુખ આગળ ધરી કહેવા લાગતા. "મા, મેં ખાધું છે, હવે તો તું ખા."

"એક દિવસ એવું બન્યું કે ભોજનનો થાળ મા જગદંબાને ધરાવતી વખતે મામાએ એક બિલાડીને જોઈ. તે રખડતી કયાંકથી મંદિરમાં આવી ચઢેલી. રામકૃષ્ણદેવ મા જગદંબાને ધરાવવા માટે થાળીમાં જે પ્રસાદ લાવેલા તે 'મા, તું ખાઇશને?' એમ કહી બિલાડીને ખવડાવી દીધો."

વિશ્વનું સર્જન ને વિનાશ કરી ભય પમાડનારી જે શક્તિ છે, તે જ શકિત એક દયાળુ માતાની જેમ ભક્તને લાડ લડાવે છે અને તે ભક્ત નાના બાળકની જેમ એની સાથે વિનોદ કરે છે અને એની કૃપા માટે એનો જીવ ખાય છે. તે પરમ શક્તિ સર્વવ્યાપક છે–આપણી આસપાસની હવામાં, મંદિરની મૂર્તિમાં અને પેલી ભટકતી બિલાડીમાં.

દેખીતી રીતે ગાંડા લાગે એવા પોતાના કૃત્યોથી શ્રી રામકૃષ્ણ આ સીધાસાદા ને સર્વવ્યાપક સત્યોનું માત્ર આચરણ કરી રહ્યા હતા. મંદિરના રૂઢિચુસ્ત અધિકારીઓ આનાથી ગુસ્સે થાય એમા કંઇ નવાઇ ન હતી. તેઓએ શ્રી મથુરબાબુને આ સંબંધેની ફરિયાદ કરતો સંદેશો મોકલાવ્યો. જવાબમાં શ્રીમથુરબાબુએ કહેવડાવ્યું કે "તેઓ પોતે ટૂંક સમયમાં ત્યાં આવી જાતે નિર્ણય કરશે. તે સમય દરમ્યાન શ્રી રામકૃષ્ણ જે રીતે પૂજા કરતા હોય તે રીતે તેમને કરવા દેવી.

આ પછી કોઇને અગાઉથી જાણ કર્યા સિવાય શ્રી મથુરબાબુ પૂજાના થાળના સમયે દક્ષિણેશ્વર આવ્યા ને સીધા કાળી માતાના મંદિરમાં ગયા. શ્રીરામકૃષ્ણ ત્યાં મા જગદંબાને થાળનો પ્રસાદ ધરાવી રહ્યા હતા. એ દૃશ્ય જોતાં જ શ્રી મથુરબાબુને ખાત્રી થઇ ગઇ કે તેઓ કોઈ ગાંડાની સમક્ષ નહિ, પરંતુ મહાન પવિત્ર પુરુષની સમક્ષ ઊભા છે. આ પછી તેઓએ મંદિરના અધિકારીઓને સખત સૂચના આપી કે શ્રી રામકૃષ્ણની પૂજામાં કોઇએ કોઇ પ્રકારની ડખલ કરવી નહિ. એમણે કલકત્તા આવી, રાણી રાસમણિને કહ્યું કે-હવે મા જગદંબાની સાચી રીતે પૂજા થઈ રહી છે.

શ્રી મથુરબાબુ તેમજ તેમનાં સાસુ રાણી રાસમણિને રામકૃષ્ણમાં જે વિશ્વાસ હતો, તે એક વધુ કપરી કસોટીમાં મૂકાવાનો પ્રસંગ બન્યો.

એક દિવસ રાણી રાસમણિ દક્ષિણેશ્વરની મુલાકાતે ગયાં. ત્યાં જઇ તેઓ ગંગામાં સ્નાન કરી, મા કાલીની પૂજા કરવા મંદિરમાં ગયાં. તે વખતે રામકૃષ્ણ ત્યાં હાજર હતા. રામકૃષ્ણ જગદંબાની સ્તુતિનાં ભજનો ખૂબ પ્રેમ ભાવથી સરસ રીતે ગાતા એ રાણીને ખબર હોવાથી, તેઓને ભજન ગાવા માટે રાણીએ કહ્યું. આથી રામકૃષ્ણે ભજન ગાવાનું શરૂ કર્યું. પરંતુ થોડું ગાઇને તેઓ એકાએક અટકી ગયા અને રાણી તરફ ફરીને ગુસ્સે થઇ કહેવા લાગ્યા, 'અહીં મા જગદંબાની સામે ઊભાં રહી આવા વિચાર કરતાં તને શું શરમ નથી આવતી? ધિક્કાર છે તને!' અને આમ કહેતાંક તેમણે રાણીના ગાલ ઉપર જોરથી તમાચો મારી દીધો.



તુરત જ ત્યાં ધમાલ મચી ગઇ. રાણીની જે દાસીઓ ત્યાં હાજર હતી તે મદદ માટે એકદમ બૂમો પાડવા લાગી. મંદિરના દરવાન અને બીજા અધિકારીઓ તુરત જ દોડી આવ્યા ને રામકૃષ્ણને પકડીને મંદિરમાંથી બહાર કાઢી મૂકવા તૈયાર થઇ ઊભા. તેઓ આમ કરવા માટે રાણીની આજ્ઞાની રાહ જોઇ રહ્યા હતા. પરંતુ રાણી રાસમણિ તો તદ્દન શાંત જ રહ્યાં ને રામકૃષ્ણ અધુરું રહેલું ભજન શાંતિથી ગાવા લાગ્યા.

રાણીએ દોડી આવેલ અધિકારીઓને કહ્યું, "એમાં એનો કોઈ દોષ નથી. અહીંથી ચાલ્યા જાઓ."

રામકૃષ્ણે પોતાને શા માટે તમાચો માર્યો તે રાસમણિ બરાબર સમજતાં હતાં. તે વખતે ભજન સાંભળવાને બદલે પોતા ઉપર ચાલતા એક કેસના વિચારો તે કરી રહ્યાં હતાં. એમને એ વાતનું આશ્ચર્ય થયું કે પોતાનામાં શું ચાલી રહ્યું છે એની શ્રી રામકૃષ્ણને શી રીતે ખબર પડી! પાછળથી જ્યારે એમની દાસીઓ રામકૃષ્ણની આવી ઉદ્ધતાઇ અંગે આશ્ચર્ય વ્યકત કરેલું ત્યારે રાણીએ ખૂબ નમ્ર છતાં ગંભીરતાથી કહ્યું કે તમોને તેની ખબર નથી, પરંતુ મા જગદંબા-

એ જ મારા હૃદયને જાગ્રત કરવા મને સજા કરેલી. માટે ભવિષ્યમાં કોઈ દિવસ આ પ્રસંગની ચર્ચા ન કરતાં: એવી સૂચના પણ દાસીઓને આપી.

(શ્રી ક્રિસ્ટોફર ઇશરવુડના રામકૃષ્ણ અને એમના શિષ્યો-ના આધારે.)

જ્યારે પણ તક મળે ત્યારે હસી લેજો. એના જેવું સસ્તું કોઇ ઔષધ નથી. આનંદની ફિલસૂફીને ઓછી ઓળખવામાં આવી છે. જીવનનું એ તેજભર્યું પાસું છે.

ક્રોધથી વાળેલી મુઠ્ઠી અને શાંતિથી ખુલ્લી રહેલી હથેળી; બેની વચ્ચેની પસંદગી એ છે "રચનાત્મક જીવન!"

જેમ જીવનમાં વર્ષો ઉમેરાય છે એમ, વર્ષોમાં જીવન ઉમેરવાની કળાપણ હસ્તગત કરી લેજો.



# યાત્રા कोऽहम् થી सोऽहम् સુધીની

ભાઈલાલભાઇ છાટબાર

**અશાન્તિની સમસ્યા:**–વેદકાળ અને ઉપનિષદકાળથી આરંભ કરી આજ વર્તમાનકાળ સુધી મનુષ્ય સામે અશાન્તિ-ની સમસ્યા ઊભી થયેલી છે અને તેનો ઉકેલ શોધવાની પ્રવૃત્તિ જોવામાં આવે છે. શાસ્ત્રજ્ઞાન મનુષ્યને માર્ગદર્શક નીવડે પરંતુ તે જીવનમાં ના ઊતરે તો શાન્તિની અનુભૂતિ થઇ શકતી નથી. મનુષ્ય–જીવનનું સાફલ્ય પોતાની પ્રકૃતિ ઉપર વિજય મેળવી પોતાની જાતના સ્વામી બનવામાં છે. તેનાથી ચિરંતન શાન્તિ સાંપડે છે કેમકે સંવાદિતાથી શાન્તિ-પૂર્વક કેમ રહેવું તેવા પ્રકારની જીવનદૃષ્ટિથી, જીવન સમૃદ્ધ અને ધન્ય બને છે.

**પરમાત્મા સાથે જોડાણ:**–મનુષ્ય પોતાના નામની જીવનપેઢી શરૂ કરે છે. તેનાથી દુઃખ, સંતાપ અને અશાન્તિ આવે છે. જીવન–પેઢી પર પરમાત્માનું નામ જોઇએ. હર્ષ–શોક, હાનિ–લાભ, પ્રિય–અપ્રિયનાં દ્વન્દ્વો પરમાત્માની સ્મૃતિથી વિમુખ થવાથી જીવનમાં પ્રવેશે છે. સર્વત્ર વિષાદ અને અશાન્તિનું દર્શન થાય છે કેમકે મનુષ્યે પરમાત્મા સાથેના સંબંધ તોડી નાખેલ છે. જીવનરથની લગામ ઈશ્વરને સોંપી દેતાં જીવન નિષ્કંટક અને શાન્તિમય બની જાય છે.

ભૌતિક આવશ્યકતાઓની પૂર્તિ માણસને સુખી બનાવી શકતી નથી. પરમાત્મા સાથે સંબંધ બાંધ્યા સિવાય સાચું સુખ કે શાન્તિ મળતી નથી. સંસાર પ્રત્યેનો રાગ તે દુઃખ અને અશાન્તિને નિમંત્રણ આપનારો છે. ઈશ્વરમાં રાગ તે સુખી થવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

**ભાગવત-ભગવાનના થાઓ:**-મનુષ્ય પોતાના મૂળ સ્વરૂપને હંમેશાં શોધતો રહે છે. આત્મસ્વરૂપ (कोऽहम्)ના જ્ઞાનનો અભાવ જ માણસને અશાન્ત અને દુ:ખી બનાવે છે. આ આત્મસ્વરૂપની અનુભૂતિ થતાં મનુષ્યને સાચી શાન્તિ સાંપડે છે. અશાન્તિની સમસ્યાનો ઉકેલ આપનારું કોઇ બળ હોય તો તે સ્વધર્મનું પાલન અને પરમાત્મશકિતમાં ચિત્તનું જોડાણ છે. શાસ્ત્રો કહે છે કે મન, ધન અને જીવન ભગવાન માટે છે. ભાગવત થાઓ એટલે કે ભગવાનના બની જાઓ. મનુષ્ય સંસારનો છે. તે ભગવાનનો થઇ જાય એટલે જીવન ધન્ય બની જાય. ભગવાનને સતત સન્મુખ જોતો હોય એ જ ભાગવતપુરુષ બની શકે છે.

**વૃત્તિ-પ્રવૃત્તિ પરમાત્મમય:**-અંતર આક્રંદ કરવા લાગે અને બધી જ એષણાઓમાંથી મન મુક્ત થઇ જાય ત્યારે મનુષ્યમાં પરમાત્માનો પ્રેમ પ્રગટ થાય છે અને તેનાં મન અને અંતરતમમાં શાન્તિ છવાઇ જાય છે. પરમાત્માનો આવાસ અંતરના અંતરતમમાં છે. બધી જ વૃત્તિઓ અને બધા જ સંકલ્પોને પરમાત્મમય કરવાથી શાંતિ સુલભ બની જાય છે.

પરમતત્ત્વને પરિપૂર્ણ સ્વરૂપે જાણવું સાધક માટે શકય ના બને તો પણ તેનો થોડોએક અનુભવ કે નાનકડી-શી ઝાંખી પણ મનુષ્યને શાન્તિ આપવા સમર્થ બને છે. જેટલા પ્રમાણમાં પરમાત્મામાં મનને જોડી શકાય તેટલા અધિક પ્રમાણમાં અલૌકિક શાન્તિ અને પ્રકાશનો અનુભવ થાય છે.

**રાગી-ત્યાગી કોણ ?**:-મનુષ્ય સંસારમાં ભલે રહે પણ સંસાર તેનામાં ન રહેવો જોઇએ. શરીર કયાં છે તે મહત્ત્વનું નથી, મન કયાં છે તે મહત્ત્વનું છે. હિમાલયની એકાંત ગુફા કે ગંગાકિનારાના નિર્જન સ્થળે જઈ વસેલ ત્યાગી પણ કેટ-



લીક વાર તેના ભ્રાન્ત મનને કારણે સંસારમાં હોય છે. **વનવાસી ત્યાગી પણ રાગી હોય તો દોષો કરી બેસે છે.** [1] બીજી તરફ **સંસાર પ્રત્યે વૈરાગ્ય-નિર્વેદમય અનાસકત દષ્ટિવાળો ગૃહસ્થી સંસારમાં રહેવા છતાં સાચા અર્થમાં ત્યાગી હોય છે.** [2]

**ગુરુ-પરમાત્માનું શરણ:**-ગુરુકૃપારૂપી વાદળ મંત્રરૂપે કે માર્ગદર્શનરૂપે વરસે અને સાધક એકાંત સાધનામાં નિમગ્ન બની જાય એટલે તેને શાન્તિનું મોતી સાંપડે છે. મન, પ્રાણ અને આત્મા પરમાત્મશક્તિ સાથે જોડાઇ જવાં જોઈએ. તે પ્રકાશ, પ્રસન્નતા અને શાન્તિ લઈ આવે છે.

શરણાગતિ જ મનુષ્યને સર્વ પ્રકારે શાન્તિ આપે છે. રાજાઓના રાજા રાજરાજેશ્વર પરમાત્માનું શરણ જ શાન્તિ-પ્રાપ્તિ માટે શ્રેષ્ઠતમ છે.

**'सोऽहम्' ની અનુભૂતિ:**-વેદકાળથી कोऽहम्‌ની સમસ્યાનું શમન सोऽहम्‌ની પ્રાપ્તિમાં થતું આવેલું છે. सोऽहम्‌ની અનુભૂતિ સનાતન શાન્તિ લઈ આવે છે. कोऽहम् થી सोऽहम् સુધીની યાત્રા એક જ જન્મમાં પણ પૂરી થઇ શકે છે; અને તે માટે જન્મજન્માંતર સુધી પણ રાહ જોવી પડે છે. પરંતુ પંથે પડેલો સાધક તે પામે છે જરૂર.

૧. वनेऽपि दोषाः प्रभवन्ति रागिनः । —શ્રીમદ્ ભાગવત
૨. निवृत्तरागस्य गृहं तपोवनम् । — ,, ,,

*

**સુધારો**

નવેમ્બર '૮૩ના અંકમાં રૂા. ૩૦૧ની ભેટ આપનાર શ્રી વિનોદભાઇ શાહ ઈટાવાવાળા છપાયું છે તે ઈટોલાવાળા વાંચવું.

# અંજલિને અંજલિ

રા. પ્રે. પુરોહિત

[ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો 'અર્ઘ્ય' પછીનો બીજો ગીત-ભજન સંગ્રહ હમણાં પ્રસિદ્ધ થયો છે. પ્રથમ સંગ્રહ અર્ઘ્યની જેમ જ એને પણ સાધકો તરફથી સારો આવકાર મળશે એમાં કોઇ શંકા નથી.

આ સંગ્રહનાં ગીતો કે પદોને વાંચ્યા પછી વડોદરાના યુવાન એન્જીનિયર સાધક ભાઇશ્રી રાજુભાઈ પુરોહિતના મનમાં જે ભાવ ઊઠયા તે એમણે પૂ. માને પત્ર દ્વારા પહોંચાડયા. આ પત્ર એ 'અંજલિને અંજલિ' રૂપે હોઇ, તેમજ તેમાંથી અન્ય સાધક ભાઇબહેનોને પણ પ્રેરણા મળે તેમ હોઇ, અત્રે પ્રસિદ્ધ કરું છું, તે સહુને ગમશે, એમ માનું છું.

—તંત્રી ]

પૂ. મા,

'અર્ઘ્ય' પછીનો આપનો બીજો ભજન-સંગ્રહ 'અંજલિ' હમણાં જ બહાર પડયો. તેની પ્રતિક્રિયા રૂપે આ પત્ર લખું છું. 'અંજલિ' ને અજલિ આપવાનું મન કેમ થયું ? મને મુખ્યત્વે ત્રણ કારણો દેખાય છે. પ્રથમ તો ઈશ્વરભાઇ જેવા 'આમુખ' લખે, નારાયણભાઇ જેવા 'પરિચય' આપે અને પૂ. શ્રી 'શુભેચ્છા' પાઠવે; તો પછી માને એક નાનકડો બાળ પ્રેમાંજલિ કેમ ન આપે ? સાધના વિશે મને બહુ સમજ નથી. થોડો ઘણો પ્રેમ કરી જાણું. અને તમને હું પ્રેમ કરું છું એ પહેલું કારણ.



બીજું તેનાથી બહુ મહત્ત્વનું કારણ એ કે તેઓ સૌએ આપના ભજનો વિશે તો સુંદર લખ્યું છે પરંતુ તેમાં લખાયેલી સુંદર-સારગર્ભિત નોંધો કેમ ભૂલી ગયા ? મારું નમ્રપણે માનવું છે કે જો માત્ર ભજનો જ છપાયાં હોત તો તેનો આસ્વાદ કદાચ સૌ પૂરી રીતે ન જ લઇ શકત, પરંતુ જો માત્ર નોંધો જ છપાઇ હોત તો મારા જેવાને ભજનો ન મળતાં કશું ગુમાવ્યા જેવું ન લાગત ! તમારી ગેય રચનાઓ ડોલાવી દે તેવી છે જ પરંતુ ગદ્ય લખાણ પણ કાંઇ ઓછું આકર્ષક નથી. 'અંજલિ' ના વાંચકોને હું તો ભલામણ કરીશ કે ભલે ભજનો ન વાંચશો–માત્ર નોંધ જોઇ જાવ. પછી મને કહેજો કે મારી વાત સાચી છે કે ખોટી. આ પત્ર દ્વારા આપના ગદ્ય લખાણોને જ મુખ્યત્વે અંજલિ આપતાં પ્રાર્થના કરી લઉં છું કે મારા જેવાને ગાતાં ન આવડે-વાંચી જઇએ અમે તો. તો હવે એકાદ નાનું સોહામણું સાધકોને ઉપયોગી ગદ્ય લખાણોનું પુસ્તક આપો.

ત્રીજું અને સૌથી વધુ મહત્ત્વનું કારણ મારે મન આ છે. મારા જેવા-હૃદયનો ભાવ, પ્રેમ કે અંતરમાં શ્રદ્ધા હોવા છતાં-બુદ્ધિને મહત્ત્વ આપનારા, મહાપુરુષોને પણ પોતાની દૃષ્ટિએ જોવા–માપવાનો, મૂલવવાનો પ્રયત્ન કરતા, અહંકારી મન વાળા સાધકોને તેમાંથી 'ગુરુભક્તિની દીક્ષા' મળે છે તે છે. મનને અહંકારી કહી હું ઉતારી પાડવા માંગતો નથી પરંતુ તે પોતાની શક્તિ પર મુસ્તાક હોય છે. અને પોતાની જાતને સૌથી વધુ 'ડાહ્યુ' માનતું હોય છે. તે ઝટ કોઈ વાત સ્વીકારી સમર્પિત થવા ઈચ્છતું નથી કારણ કે તે તેના આસ્તત્વનો સવાલ છે. અજ્ઞાતમાં તેને જવું નથી માટે

પોતાના ખ્યાલો, માન્યતાઓની આડ નીચે બહાનાં બતાડી ગુરુમાં પણ વાંધા-વચકા કાઢયા કરે છે.

સાધકના મન અને અંતર વચ્ચે ચાલતો આ સંઘર્ષ સમર્પણ પૂર્ણ થવા દેતો નથી. આપનું વ્યકિતત્વ અમારા જેવું ખંડિત નથી તેથી સમર્પણ પૂર્ણ બન્યું છે. આપના પ્રત્યેક ભજનોમાં અને તેની ભૂમિકા સમજાવતી નોંધોમાં ગુરુપ્રેમ ટપકે છે. આપના કે પૂ. શ્રીના અંતરંગ જીવનથી અજાણ્યા સાધકને તેમાં કદાચ વ્યકિતપુજાની ગંધ આવે પરંતુ તેમ નથી. આપના કે પૂ. શ્રીના અંગત પરિચયમાં આવનારને એમ થયા વગર રહેતું નથી કે આમના ચરણે સઘળું વારી જઈએ. જો અમે તેમ ન કરી શકતા હોઈએ તો તેનું કારણ અમે સાધના દ્વારા સૂક્ષ્મ પ્રવેશ નથી કર્યો અને સ્થૂળ દૃષ્ટિને પ્રાધાન્ય આપતા રહ્યા છીએ તે છે.

આપે મારા જેવા સાધક વતી પ્રશ્ન પૂછયો છે, "પ્રભુ માનવરૂપ ધરીને કદી પધારે ખરો?" જવાબમાં આપે જણાવ્યું છે, "પ્રત્યુત્તરમાં એટલું તો કહી જ શકાય કે સાધકની શ્રદ્ધા ભક્તિ સાચી હોય તો એને મળેલા સંત-પુરુષના શરીરમાં જ દિવ્ય સ્વરૂપે પ્રભુ દર્શન થઇ શકે છે."– આપની આ અનુભવ વાણી છે. તે સમજવા અનુભવવા માટે સાચા દિલનું (અને મનનું) સમર્પણ જોઇએ. જો તે કરી શકયા તો શું થશે? આપનો ઉત્તર છે. "પૂર્ણ શ્રદ્ધા ભક્તિથી શરણ લેનાર શિષ્યને પરમ શાંતિ શ્રી ગુરુના ચરણે જ મળી જાય છે."

આપના વચનોમાં વિશ્વાસ છે.-ગણતરીબાજ મનને પણ. કારણ કે આપે કાંઇક પ્રાપ્ત કરી લીધું છે તે તેને દેખાય છે.



એ મનને પણ સનાતન સુખ, પરમ શાંતિ મેળવવાની લગન તો છે જ. અંજલિનું ગદ્ય–અને પદ્ય પણ– તેને કાંઈક દિશા સૂચન કરે છે. મનને એમ થાય છે-આટલા બધા વિશ્વાસ-પૂર્વક. (બેધડક) રીતે 'બુદ્ધિને ન સમજાય તેવું' મા કેમ લખી કે ગાઇ શકતાં હશે? કદાચ અહીંજ જરૂર છે મનની પારના પ્રદેશમાં જવાની તૈયારીની. તૂટી-ફૂટી મારી આ હોડલીને પાર ઉતારી અલખના દેશમાં હંકારી લઇ જાઓ અને ગુરુકૃપાને યોગ્ય બનાવો એવી પ્રાર્થના સાથે પત્ર પૂરો કરું છું.

આપનો રાપ્રે.

કલીયુગમાં જપ એ અમોઘ શસ્ત્ર છે.
નામ જપ કરે તે મહીમાવાન બને છે.

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ**

શાંતિભાઈ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ૩૩૬૬૦

# સર્વધર્મસમભાવનું ઉદાહરણ

લેખક : વિશ્વનાથ ડોલરરાય હાથી

[ આપણે ત્યાં કેટલાક સારા, ઉદારચરિત, ચારિત્ર્યશીલ ને ધર્મસહિષ્ણુ રાજાઓ થયા છે, તેમ નવાબો પણ થયા છે. સારા ને ઉત્તમ મનુષ્ય થવું એ કોઈ એક જાતિનો ઈજારો નથી.

આજે જ્યારે જ્ઞાતિ, ધર્મ અને પ્રદેશવાદની સંકુચિતતા વિકરાળ સ્વરૂપ ધરીને ફેલાઇ રહી છે, ત્યારે શ્રી વિશ્વનાથ હાથી સાહેબે પાલનપુરની પ્રજા અને નવાબ સાહેબ–પરસ્પરની વચ્ચે કેવી ધર્મ સહિષ્ણુતા પ્રવર્તતી હતી, એના સુંદર ઉદાહરણરૂપ પ્રસંગનું આલેખન કર્યું છે, તે સાચા ધર્મનું દ્યોતક હોવાથી અત્રે રજૂ કર્યું છે. -તંત્રી ]

પાલનપુર જેવા નાનકડા શહેરમાં, ગુજરાતને ખૂણે, સને ૧૯૩૦ની સાલમાં ઐતિહાસિક ચિરંજીવ બની ગયેલા બનાવની આ વાત છે.

સને ૧૯૩૦ની સાલમાં, પાલનપુર પહેલા વર્ગનું રાજ્ય હતું. પુણ્યશ્લોક રાજવી ના. નવાબ સાહેબ શ્રી તાલેમહંમદખાનજી તે વખતે ગાદી પર હતા.

આ વખતમાં બ્રિટિશ હકુમતની એજન્સી પણ હતી. પાલનપુર એજન્સીનું વડું મથક, હાલ કલેકટરશ્રીનો બંગલો વગેરે છે ત્યાં હતું. વેસ્ટર્ન ઇન્ડિયા એજન્સીનું વડું મથક રાજકોટમાં હતું. ત્યાં રેસિડેન્ટ અંગ્રેજ અધિકારી રહેતા. એજન્સીઓ પર પોલિટિકલ એજન્ટો રહેતા. આ એજન્સીનો અધિકાર, પાલનપુર, રાધનપુર, થરાદ, દાંતા રાજ્યો સિવાય-



ના હાલના બનાસકાંઠા વિસ્તાર પર હતો. શહેરમાં તેમની મથક પૂરતી હકુમત હતી બાકીના પર નવાબ સાહેબની.

પોલિટિકલ એજન્ટ અંગ્રેજ રહેતા, તેમના હાથતળે ડેપ્યુટી પોલિટિકલ એજન્ટો, બે કે ત્રણ રહેતા. સને ૧૯૩૦માં રાજકોટના બે ખાનદાન કુટુંબના અમલદારો ડેપ્યુટી પોલિટિકલ એજન્ટો હતા.

પાલનપુર હિંદુ સમાજના આગેવાનો તે વખતે શ્રી જેશંકરભાઇ જોષી, બીજા પણ શ્રી જેશંકરભાઇ જોષી, શ્રીબીક્ષ સાહેબ ચમનભાઈ અને શ્રી હરિશંકરભાઈ મર્ઘા વગેરે હતા.

સમાજના ઉપરોકત અને બીજા આગેવાનોને એકવાર પ્રેરણા થઇ કે અત્યારના શ્રી અંબાજી મંદિરમાં સમાજ તરફથી સહસ્રચંડી યજ્ઞનું આયોજન કરવું. એને માટે કમિટિ રચવામાં આવી. રાવસાહેબ છોટાલાલભાઇને પ્રમુખ નીમ્યા. સિદ્ધપુરના પ્રસિદ્ધ વિદ્વાન નાગરગોર દુર્ગાશંકરજીને અધ્વર્યુ બનાવ્યા. બીજા વિદ્વાન બ્રાહ્મણોને સૌરાષ્ટ્ર, કાશી વગેરે જુદાં જુદાં સ્થળોથી આમંત્રવામાં આવ્યા, અને શ્રી માતાજીના મંદિરમાં ભવ્ય મંડપ નીચે, હાલ યજ્ઞવેદી છે ત્યાં, વેદી બનાવીને મંગલ કાર્યને શરૂ કરવામાં આવ્યું.

સવાર અને બપોર પછી વિધિ ચાલે; બપોરના બે થી ત્રણ કલાક ભૂદેવોને આરામ તથા ફળાહાર મળે. રાત્રે એકઠા મળીને કોઈ આવશ્યક વિષય પર વિચારણા ચાલે.

એ વિચારણા દરમ્યાન કાશીના એક પરમવિદ્વાન વિખ્યાત પંડિતે જણાવ્યું કે મનુસ્મૃતિમાં કથન છે કે धर्मषष्ठांश भागेन राजानं विनियोजयेत् । પ્રજા જે ધર્મ કરે તેનો છઠ્ઠો ભાગ રાજાને અર્પણ કરવો. સ્વાભાવિક રીતે સંકલ્પથી આવાં અર્પણો થતાં હોય છે. श्री कृष्णार्पणमस्तु । श्री नृपार्पणमस्तु ।

એ રીતે હથેળીમાં પાણી લઇને મુખ્ય યજમાન પુણ્ય સમર્પણ કરે છે. તો પંડિતજીએ કહ્યું કે અહીં તો નૃપ સાક્ષાત્ છે. તો આપણી સમક્ષ તેમના હાથે યજ્ઞની સમાપ્તિ કરાવીને તેઓશ્રીને પુણ્યફળ અર્પણ કરીએ.

ત્યાં ઉપસ્થિત રહેલા સજ્જનોએ કહ્યું કે, અહીંના રાજા ઇસ્લામધર્મી છે તો આપણે શી રીતે તેઓશ્રીને બોલાવી શકીએ ?

પંડિતે જવાબ દીધો કે સનાતન ધર્મમાં રાજા દેવનો અવતાર કહેવાય છે. રાજા ધર્મોથી પર છે એવું શાસ્ત્રો કહે છે. માટે એમને આમંત્રણ આપો.

પ્રતિનિધિમંડળ નામદાર નવાબ સાહેબ પાસે પહોંચી ગયું. ને રૂબરૂમાં આમંત્રણની રજૂઆત કરી. તેઓ તો સ્તબ્ધ થઈ ગયા અને બોલી ઊઠ્યા કેઃ મૈં તો મુસલમાન હૂં, આપ કે ધર્મકાર્યમેં કૈસે હિસ્સા લે સકૂં ?

પ્રતિનિધિઓએ ઉત્તર આપ્યો "ગરીબપરવર, અમારા સનાતન ધર્મમાં આપ દેવનો અવતાર ગણાઓ છો. ધર્મથી પર છો એટલે આપ કોઈપણ જાતના ક્ષોભ વિના પધારો."

"તો મૈં કિસ તરહ તૈયાર હો કર આઊં ?" નવાબ સાહેબે પૂછ્યું.

"ગરીબપરવર, જે શુદ્ધિથી આપ નમાજ પઢવા પધારો છો તે શુદ્ધિથી ત્યાં પણ પધારો."

નવાબસાહેબે આમંત્રણને સહર્ષ સ્વીકાર્યું.

હવનાષ્ટમીને દિવસે પોતે, યુવરાજસાહેબ, ભત્રીજા શ્રી સતામહંમદખાનજી સાહેબ, ભાણેજ શ્રી ઉસ્માનખાન સાહેબ સાથે સ્વચ્છ કપડાં અને કેસરી સાફો બાંધી, રાજ્યના પ્રધાનમંડળ અને અધિકારીઓ સાથે સાંજે પાંચ વાગ્યે મંદિરમાં પધાર્યા. જનમેદની હવનાર્થે આવેલી. કમ્પાઉન્ડ



આખું ચિક્કાર ભરાઇ ગયેલું. તે વખતે હાલની પાકી દિવાલ વગેરે ન હતાં. દરવાજામાં પ્રવેશતાં જ ખુરશી રાખેલી ત્યાં પોતે બેઠા. પટાવાળાએ બૂટમોજાં કાઢ્યાં. પોતે અને પરિવારે હાથપગ ધોયા. અને હાલના 'મા'ના નિજમંદિરમાં આવ્યા. 'મા'ને ભાવપૂર્વક નમન કરી, પાંચ ગીની ભેટ તરીકે ચરણે મૂકી. યુવરાજ શ્રી, હાલના નવાબસાહેબે બે ગીની મૂકી અને ભાણેજ–ભત્રીજા એક એક ગીની મૂકીને પગે લાગ્યા. પૂજારણ બેને અને બ્રાહ્મણોએ આશીર્વચન કહ્યાં.

પછી બહાર આવીને, યજ્ઞમંડપમાં, મુખ્યઆસન પર સ્થાન લીધું. બીડું તેઓશ્રીના હાથમાં આજની જેમ ધરાવી રાખ્યું અને બે ભૂદેવોએ ટેકો આપ્યો. જનમેદની સહુ ઊભી થઇને "शक्रादयः सूरगणाःनिहतेऽतिवीर्ये" એ માની સ્તુતિ સૌએ શરૂ કરી. વાતાવરણ ભાવનામય બની રહ્યું. સ્તુતિ પૂરી થઈ અને તેઓશ્રીએ બીડું હવનમાં હોમ્યું. સમસ્તમંડપ મંત્રોચ્ચારથી ગાજી ઊઠ્યો. પોતે હાથ જોડી, આંખો મીંચી, પ્રાર્થના કરતા ઊભા રહ્યા.

આરતિ, પુષ્પાંજલિ વગેરે થયા બાદ બધા ભૂદેવોએ ખૂબ જ ભાવપૂર્વક મંત્રોચ્ચારો સાથે આશીર્વચનો સહિત યજ્ઞ-ફળને તેમના હાથમાં સમર્પિત કર્યું. તેઓ માને વંદી રહ્યા.

અધિકારી વર્ગ તેઓ સત્વર છૂટા થાય તે માટે સૂચન કરતા હતા ત્યારે તેમણે પોતે ભૂદેવોને યજ્ઞવિધિના સમજ-પૂર્વકના પ્રશ્નો પૂછીને એ પ્રસંગનું મહત્ત્વ સારી પેઠે સમજવા માંડ્યું.

આ છે અહીંના સમાજની વિખ્યાત થાય તેવી સર્વધર્મ-ભાવના અને આ છે અહીંના પુણ્યશ્લોક પ્રજાપ્રિય, ઈસ્લામી રાજકર્તાની વંદનીય શુભકામના.

ઉપરોક્ત મહાન, ઐતહાહિક ધર્મક્ષેત્રે એ અવસરની અનુપમ યાદમાં યજ્ઞવેદી વગેરેને સમાજે પાકાં બનાવ્યાં. યજ્ઞવેદીની બાજુમાં નવાબ સાહેબ દ્વારા રોપાયેલા આસોપાલવના વૃક્ષને ત્રેપન વર્ષ થયાં છે.

અહીંના વિખ્યાત જૈન સમાજે પણ તેમના નવા નાના દેરાસરમાં તેઓ નામદારના વરદ હસ્તે એ જ અરસામાં, નવી મૂર્તિઓની ભવ્યતાપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. એ આજે મોજૂદ છે. આ છે જૈનધર્મની એ જ ધર્મસમભાવનાનું નાનું બીજું અનુપમ દૃષ્ટાંત. આ ઉદાહરણની સ્મૃતિ ગુજરાતમાં, ભારતમાં અને વિશ્વભરમાં આ ભૂમિની સર્વધર્મસમભાવની ભવ્ય પ્રેરણાનાં પરમાણુઓને પ્રસારે તેવી પ્રભુ પાસે પ્રાર્થના છે.

અમારા એક સ્વ. શિક્ષક કવિએ ગુર્જરીદેવીને, સિંહ પર કોણી ટેકવીને આસન પર બેઠાં હોય તેમ કલ્પીને ગાયું છે કેઃ-

જેના પાદ ધૂએ સદા દમણગંગાને કટિ નર્મદા,
સોહાવે શિરવેણીની લટલટો સીંચેલ કુમારિકા,
નીચેને અર્ધાંગ લાટ ઝબકે ચાનર્ત ઊર્ધ્વે અને,
તે શ્રી ગુર્જરીના લલાટ પર આ ધાન્ધાર શોભી રહે.

તેમ 'ધાન્ધાર'-ધાન્યધાર-પાલનપુર વડગામ પ્રદેશ શ્રી ગુર્જરીના લલાટપટે રહેલો છે.

'ધાન્યધાર"નામ પડવાનું કારણ એ છે કે છપ્પનીઆ દુકાળમાં અહીંથી મારવાડ તરફ ધાન્યની ધાર વહી રહી હતી તેવી અહીંના ઘઉં, થરાદની બાજરી, વડગામની કમોદની, પેદાશ હતી. આજે બહારથી ધાન્યધાર લાવવી પડે છે એ પણ સમયની બલિહારી છે ને !

સમય જ બળવાન છે.



# મુંને લોને ચરણ

(રાગ-માલકોશ)

મારાં નીરે ભરેલાં હરિ, તરસ્યાં નયન.
આષાડે ઉન્મુખ ચાતક પર
સદય થયું નહિ સઘન ગગન...મારાં

વ્યર્થ ગયું ધન જનમ જનમનું
વિફલ ગયાં મારાં સકલ કરણ...મારાં.

સ્વીકારો, હરિ, મંદિરિયે લો,
પગથે રવડે મારાં સહુ અરચન....મારાં.

આશા છે, અનુભવ દો, કેવળ
અશરણનું હરિ, આપ શરણ...મારાં.

સદય બનો, હરિ, તરસ છિપાવો.
દરસન દો, મુંને લોને ચરણ...મારાં.

મુકુન્દભાઇ વિ. પારાશર્ય.

## " શામળિયે સામે જોયું ! "

આજ મારા શામળિયે સામે જોયું !
આજ મેં તો દિલડાનું દુઃખડું ખોયુ !
જીવન હરિના વિના લાગે અકારું (૨)
ઘડી રે ઘડી હું તો શ્યામને સંભારું (૨)
મુખડામાં મોહનના મનડું મોહ્યું !
આજ મારા શામળિયે સામે જોયું !
સચરાચર સૃષ્ટિમાં શ્યામ જ દેખાય છે (૨)
ઘટ-ઘટમાં ગોવિંદનાં દર્શન તો થાય છે (૨)
ચિત્તચોર-ચરણોમાં ચિત્તડું પ્રોયું !
આજ મારા શામળિયે સામે જોયું !
શરણાગતિ મેં શ્રીહરિની સ્વીકારી (૨)
દુનિયાદારી સર્વ દીધી વિસારી (૨)
ભકિત-સુધા-સરિતામાં મનને ધોયું !
આજ મારા શામળિયે સામે જોયું !
'જગદીશ' જીવનમાં સુખનો સાગર છે (૨)
સાચો સંગાથી મારો નટવર-નાગર છે (૨)
વિશ્વનું સુખ સારું હરિમાં જોયું !
આજ મારા શામળિયે સામે જોયું !

જગદીશચંદ્ર એસ. આચાર્ય (સત્યસ્નેહી)



## શરણ

અમોને તમારું શરણ સાંપડ્યું છે
ન સ્વપ્નેય કાંઇ અસૂરું નડ્યું છે
અમોને તમારું શરણ સાંપડ્યું છે.
શી બલિહારી ગાઉં તમારાં ચરણની !
અહલ્યાથીયે ઝાઝું જીવન મળ્યું છે
અમોને તમારું શરણ સાંપડ્યું છે.
નથી ભાગ્ય કેવટ સમુંયે અમારું
પખાળ્યાં ચરણ ના, તરણ સાંપડ્યું છે !
અમોને તમારું શરણ સાંપડ્યું છે.
શક્યો છું કરી ના શી શબરી પ્રતીક્ષા !
મફતનું રતન રામ જેવું જડ્યું છે,
અમોને તમારું શરણ સાંપડ્યું છે.
હવે શેષ જીવનની આરત અમારી :
પડેલું રહો શિર ચરણે પડ્યું છે.
અમોને તમારું શરણ સાંપડ્યું છે.
ન સ્વપ્નેય કાંઈ અસૂરું નડ્યું છે
ખરેખર તમારું શરણ સાંપડ્યું છે.

ડૉ. રણજિત પટેલ (अनामी)

# નાગા જોગિયા

ભક્ત સત્સંગી

સૂરા ખાચરને દરબારના એકાંત ભાગમાં ઉતારો આપી, સાંજનું વાળુ કરાવી વાજસુર ખાચર પોતાના દરબારમાં જવા નીકળ્યા. રસ્તે જતાં જેલખાનું આવતું. એમાં પૂરાયેલા કેદીઓને દરબારના માણસો માર મારી રહ્યા હતા. એટલે એમની બૂમો છેક રસ્તા સુધી સંભળાતી ને એ કેદીઓના સગાઓ જેલના દરવાજે ઊભા ઊભા રડતા હતા.

વાજસુર ખાચર સ્વભાવે ક્રૂર હતા. એમણે જેલ આગળનું આ દૃશ્ય જોયું. પરંતુ એમનું કઠોર હૃદય જરાય પીગળ્યું નહિ. ઊલટું એમને રમુજ સૂઝી અને પૂછ્યું "આમાં કોઈ સ્વામિનારાણિયો છે કે ? હોય તો એને કહો કે એના ભગવાનને સંભારી લે! જોઈએ કેવો બચાવવા આવે છે."

આમ કહી દરબાર આગળ ચાલ્યા. ત્યાં એમને નાગા જોગિયાનો ભેટો થઇ ગયો. દરબાર એને ઘણા વખતથી ઓળખતા. એટલે રમુજ ખાતર પૂછ્યું, "જોગિયા, શું ચાલે છે ?"

"બાપુ કંઈ નહિ. સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરું છું."

"એમ એ ભગવાન ક્યારના થઇ ગયા કે તું એમને યાદ કરવા માંડ્યો ?"

"બાપુ ભગવાન હોય એને જ ભગવાન કહેવાય. એનું જ નામ જપાય."

"એનું નામ જપવાથી તારું શું કલ્યાણ થવાનું ?"

"બાપુ, ભગવાન આપણી સંભાળ રાખે. આપણા દુ:ખમાં મદદગાર થાય; એમને યાદ કરવાથી આપણું કલ્યાણ થાય."



" કહે જોઇએ, અત્યારે તારા ભગવાન ક્યાં છે ?"

"એ તો મને શી ખબર ?"

"તો જોઉં તારા એ ભગવાન તારી કેવી મદદે આવે છે ? આવતી કાલ સવાર સુધીમાં જો એ તને મારી જેલમાંથી છોડાવી જાય, તો જાણું કે તારો એ ભગવાન સાચો. નહિ તો સવારે ડાંગે ડાંગે તારા પગ ભાંગી નંખાવીશ." કહી દરબારે એક જમાદારને બોલાવી એને જેલમાં પૂરાવી દીધો.

નાગા જોગિયાને તો ભગવાન સ્વામિનારાયણ ઉપર અનન્ય શ્રદ્ધા. જેલમાં પૂરી દીધો છતાં એના મનમાં કોઇ ભય નહિ. એ તો સ્વામિનારાયણનો જાપ કરતો રહ્યો.

જેલના અંદરના ભાગમાં એક ઝાડ નીચે ઓટલો હતો. તેના ઉપર નાગા જોગિયા તો સાચા દિલથી પ્રભુને પોકારવા લાગ્યો. હૃદયના ઊંડાણમાંથી નીકળતી એની આર્તવાણી ભગવાનને પહોંચ્યા વગર થોડી રહે! સાંજ ઢળી અને રાત પડી. એમ નાગા જોગિયાની વાણી વધુ ને વધુ આર્ત બનતી ગઇ. ભગવાન સ્વામિનારાયણની એની ધૂન વાતાવરણમાં પ્રસરવા લાગી. પ્રારંભમાં તો જેલના બીજા કેદીઓ આ વિચિત્ર કેદીને કંઇ પણ ભય વગર બેઠેલો જોઇ નવાઈ પામ્યા. એમને થયું કોઇ ગાંડો છે! નહિ તો વાજસુર ખાચરની જેલમાં પૂરાયા પછી, આમ નિર્ભિક રીતે ભગવાનનું નામ થોડો બોલી શકે! કાલે સવારે બિચારાનો ખાંસ નીકળી જવાનો, ભલેને અત્યારે ગમે તેટલી મોટેથી ધૂન બોલાવતો!'

તો બીજા બે ચાર કેદીઓ એની પાસે આવ્યા ને એ પણ ધીમે ધીમે બોલવા લાગ્યા.

એમણે બીતા કેદીઓને ધરપત આપવા માંડી. કહ્યું, " બીઓ છો શું કરવા ? આપણી રક્ષા કરનારો હજાર હાથ વાળો છે, પછી ભય કોનો ?' આમ છતાં શ્રદ્ધાવિહોણા

કેદીઓને ભગવાન પર ભરોસો બેસે કેમ કરીને ! જીવનમાં કદી ધર્મયુક્ત આચરણ ન કર્યું હોય, સત્સંગ ન સેવ્યો હોય, કે સાધુ સંતોની સેવા ન કરી હોય, એની જીભે પ્રભુનું નામ જલ્દીથી નથી આવતું. છતાં કૌતુકથી પ્રેરાઈ કેટલાક કેદીઓ નાગા જોગિયાની ધૂનમાં જોડાયા.

એમની ધૂન સાંભળી, જેલના દરવાજે બેઠેલો જમાદાર મૂછમાં, હસતાં હસતાં બીજાઓને કહેતો "આજે જેટલા જોરથી બરાડવું હોય એ બરાડી લે. કાલે સવારે એની ખબર ખુદ દરબાર જ લેશે. આ તાળીઓ પડતા હાથ પહેલા ભાંગશે, યાદ રાખજો."

નાગા જોગિયા કહેતો, "ભાઈઓ એના કહેવાથી ગભરાવ છો શાના ? આપણી લાજ ભગવાન રાખશે. આપણને એ જ છોડાવશે." એની વાણીમાં ભારોભાર શ્રદ્ધા ભરી હતી.

નાગા જોગિયાની આર્તવાણી વડનગરમાં સભામાં બેઠેલા શ્રીસહજાનંદ સ્વામીના અંતરમાં પહોંચી ગઇ. એમણે તુરત જ સત્સંગીઓને કહ્યું–અમારે અત્યારે જ નીકળવું પડશે. કાલ સવાર સુધીમાં ન પહોંચીએ તો મારા આશ્રિતની લાજ જાય, ભેગી અમારીય.'

એમ કહી મહારાજ ઊભા થયા.

સાધુઓએ પૂછ્યું "મહારાજ ક્યાં જાઓ છો ! આવતી કાલે સવાર પહેલાં અમારે જસદણ પહોંચવાનું છે."

"ઓહોહો ! એટલે દૂર કેમ પહોંચશો ? ચોમાસાના દિવસો છે. વચમાં કઈક નદીઓ આવે છે. એમાં પૂર હશે."

પણ આવા અંતરાયોને ગણે તો એ ભગવાન શેના ? એ તો ઘોડી ઉપર સવાર થયા. સાથે મૂળજી બ્રહ્મચારીને લીધા.

અંધારું થતાં વઢવાણ પહોંચ્યા તો ભોગાવો બે કાંઠે વહે. ભારે ઘોડાપુર. મહારાજે મૂળજી બ્રહ્મચારીને ત્યાં એક દેરીમાં



રોકાવા કહ્યું ને મહારાજ પૂર પાર કરી વઢવાણની બજાર સોંસરા નીકળ્યા. ત્યાં ભાણજી મહેતા એમને ઓળખી ગયા. પગમાં પડ્યા ને ઘેર પગલાં કરવા વિનંતી કરી.

મહારાજે કહ્યું–પહેલાં મૂળજી બ્રહ્મચારી સામે કાંઠે દેરીમાં છે. એમને તરાપા મોકલી તેડી મંગાવો. ત્યાં સુધી હું અહીં રોકાઉ છું.

શેઠે પૂરમાં તરાપા મોકલી મૂળજી બ્રહ્મચારીને તેડાવી મંગાવ્યા. બસ, મહારાજે કહ્યું-હવે અમે નીકળીએ. અમારે સવાર પહેલાં જસદણ પહોંચવું છે, નહિ તો અમારા ભકતની લાજ જાય.

'પણ મહારાજ, આટલી રાતે !'

અમારે માટે રાતે મુસાફરી કરવી એ નવી વાત નથી. તમે બ્રહ્મચારીને રાખો. અમે નીકળીએ.

ને મહારાજ જોતાંજોતાંમાં ઘોડેસ્વાર થઇને રવાના થઇ ગયા.

મહારાજ જસદણ પહોંચ્યા ત્યારે સવારે ચાર થયા હતા. વાણુ વાવાને હજી બે કલાકની વાર હતી. એમણે જેલના દરવાજે જઇ જમાદાર ને બૂમ પાડી. નાગા જોગિયા જાગતા જ હતા. એને સૌથી પહેલાં એમનાં દર્શન થયાં. એણે ઊંઘતા ચોકીદારને ઢંઢોળ્યો ને કહ્યું, "અલ્યા ઊઠ. દરબારને જગાડી કહે કે સ્વામીનારાયણ નાગા જોગિયાને છોડાવવા આવ્યા છે."

જમાદાર તો આંખ ચોળતો મહારાજને જોઇ અવાક થઈ ગયો. એ કલ્પી શક્યો નહિ કે આ સ્વામીનારાયણ અહીં ક્યાંથી આવી ગયા !

મહારાજે કહ્યું, "નાગા, ચાલો મારી સાથે આપણે દરબારને નથી મળવું. એ મહાપાપી માણસ છે."

'ના મહારાજ. એને મળ્યા વગર મને લઇ જશો તો ફરી પાછો મને જેલમાં પૂરી દેશે. વળી આ બિચારા કેદીઓ પણ રીબાય છે! પ્રભુ, એમને છોડાવો.'

નાગા જોગિયાની વાત સાચી હતી. મહારાજ દરબારમાં જવા સંમત થયા. જમાદારે જઇ દરબારની ડેલી ઠોકી જગાડ્યા. એ તો સ્વામીનારાયણમહારાજને જોતાં જ આભા બની ગયા! એમના પગમાં પડી ને કહેવા લાગ્યા–તમે ભગવાન સાચા, મને ક્ષમા કરો. કહી એણે મહારાજને બેસવા વિનંતી કરી. મહારાજે કહ્યું. "આવી ક્રૂરતા માણસો ઉપર ના થાય. ત્રાસથી માણસ થોડો સુધરે? પ્રેમ અને ધર્મથી સુધરે."

પછી મહારાજે બેસતાં કહ્યું, "તો પેલા સૂરા ખાચર અમારા ભકત તમારા મહેમાન છે, એમનેય બોલાવો. એ અમારાં દર્શન કરે."

દરબાર કહે "મહારાજ એ તો સૂતા હશે. એમને અત્યારે શું કામ ઉઠાડવા છે?" દરબાર સમજતા હતા કે સૂરા ખાચર તો તેમણે મોકલેલી સ્ત્રી સાથે રંગરાગમાં પડ્યા હશે. પરંતુ જયારે એમણે જાણ્યું કે સૂરા ખાચર તો દરબારની મેડીએ નથી, ત્યારે એમણે પેલી બાઈને તેડી મંગાવી! બાઈ બિચારી શું બોલે! એણે ડરતાં કહ્યું. "એ તો મને માવડી કહી, મારો હાથ છોડવી ઊભા થઈ ગયા.! એમને હું શી રીતે રોકી શકું?"

હવે વાજસુર ખાચરને ખાત્રી થઇ કે મહારાજના ભક્તો પણ અણિશુદ્ધ ચારિત્ર્યવાળા છે.

એમણે ફરી ફરી મહારાજની ક્ષમા માગી, પસ્તાવો જાહેર કર્યો.



મહારાજે કહ્યું, "જો ખરેખર પસ્તાવો થતો હોય તો તેનું પ્રાયશ્ચિત કરો."

"શું પ્રાયશ્ચિત કરું?"

"આજથીજ આવી ક્રૂર સજા કરવાનું બંધ કરો."

"મહારાજ, અમારા રાજમાં કોળી, ભીલ છે ને તેઓ ચોરી કરે એમને દંડ ન આપીએ તો સીધા થાય શી રીતે?"

"એમને સીધા રાખવાની તમારી આ રીત બરાબર નથી. ઊંચ નીચના ભેદ હશે, ગરીબાઈ ને પછાતપણું હશે, ત્યાં સુધી આવું રહેવાનું. અમે એનોજ ઉપાય કરીએ છીએ. અમારા કાર્યમાં શ્રદ્ધા રાખો. માણસ ધર્માચરણ ને પ્રેમથીજ સુધરે છે." કહી મહારાજ ઊભા થયા.

નાગા જોગિયા ને વાજસુર ખાચર બન્ને એમને પગે પડયા. અત્યારે એક નહિ પણ બે ભક્તો એમને વંદી રહ્યા.

મહારાજે નાગા જોગિયાની ટેક સાચવી, વાજસુર ખાચરનું જીવન સુધાર્યું. કેવી અદ્‌ભુત શકિત ને કેવો અદ્‌ભુત પ્રેમ ને ક્ષમા!


# વિજય ફુટવેર

પ્રો. ગીરધરભાઇ શામજીભાઇ

વડવા પાદર દેવકી, ભાવનગર. ૧

# ગૃહત્યાગના મંથનનું સમાધાન

કનૈયાલાલ એમ. ઝિંઝુવાડિયા

મારા પિતાશ્રી ધાર્મિક વૃત્તિ ધરાવતા હોઈને બાલ્યકાળમાં જન્માષ્ટમી, રામનવમી જેવા તહેવારોમાં તથા અન્ય પ્રસંગોમાં વારંવાર ભાવનગરમાં આવેલ દેવજી ભગતની ધર્મશાળા ઉપર આવેલ શ્રી લક્ષ્મણજીનાં મંદિરે મારે જવાનું બનતું. તે સમયે શ્રી. જાનકીદાસજી કરીને મહંત હતા, જે મારી ઉપર પ્રેમ રાખતા. મને 'સીતારામ' બોલવા કહેતા પરંતુ મારી અત્યંત શરમાળ પ્રકૃતિને લીધે મહાપરાણે 'સીતારામ' બોલતો.

સાત થી બાર વર્ષ સુધીના અભ્યાસ કાળ દરમ્યાન ભાવનગરમાં મોતીબાગ તળાવની પાળ ઉપર એક વૃદ્ધ માણભટ્ટ રામાયણ તથા મહાભારતની કથા કરતા, જે સાંભળવામાં અત્યંત આનંદ આવતો. કરુણ પ્રસંગોએ રડી પણ પડાતું. ભકતોના જીવનચરિત્રો અને તેમને થયેલ ભગવાનના સાક્ષાત્કારો વાંચી આનંદ થતો. તેમજ તેમને અનુભવવા પડેલ કષ્ટો વાંચવાથી હૃદય ભરાઈ જતું. આ રીતે બચપણ થી જ ઘરના વાતાવરણ, રામાયણ–મહાભારતના કથાશ્રવણ તથા ધાર્મિક પુસ્તકોનાં વાંચનથી ધાર્મિક સંસ્કારો દઢ થયેલ.

પાંચેક વર્ષ પહેલાં એક સહકાર્યકર સાથે જશોનાથ મહાદેવમાં પ. પૂ. મહાત્મા યોગેશ્વરજીનાં પ્રવચનમાં જવાનું બન્યું. ત્યારબાદ શરૂમાં ટાઉનહોલમાં અને પછી મહાત્માજીનાં માતુશ્રીની નાદુરસ્ત તબીયતને લીધે શ્રીજાનીભાઇના નિવાસસ્થાનની બાજુના બંગલામાં પ્રવચનો સાંભળવાનો લાભ મળ્યો.



ત્યાં પ્રવચનો લગભગ પંદરેક દિવસ ચાલ્યાં. એ વખતનાં પ્રવચનો 'ભકિતયોગ' ઉપર યોજાયેલ, જે મારો પ્રિય વિષય હોવાથી અત્યંત આનંદ થયો. ત્યારથીજ 'ધ્યાન કેન્દ્ર' નો લાભ પણ લેવાનું શરૂ કર્યું. ધ્યાન કેન્દ્રના પુસ્તકાલયમાંથી એ વખત 'પ્રકાશને પંથે' વાંચ્યું. ત્યારથી પ. પૂ. મહાત્માજી ઉપર શ્રદ્ધા દઢ થઇ.

સંતો મહાત્માઓ તેમનાં પ્રવચનોમાં હંમેશાં સંસારીઓને સંસારમાં અલિપ્ત ભાવે રહી પ્રભુપરાયણ માર્ગે આગળ વધવા ધ્યાન, ભજન, કીર્તન વગેરે કરવા ઉપદેશ આપે છે. પુસ્તકોમાં પણ વાંચવા મળે છે કે ત્યાગી કરતાં સંસારી શ્રેષ્ઠ છે પરંતુ હું આને કેવળ એક આશ્વાસનરૂપ જ સમજતો. મારા મનમાં એક વાત દઢ થઇ ગયેલ કે જેમ અગ્નિની નજીક બેસીએ તો દાઝીએ અને દૂર બેસીએ તો તાપ લાગે પણ તેની અસરમાંથી મુક્ત ન રહેવાય તેમ સંસારમાં ખૂબ રચ્યા પચ્યા રહીએ તો વધારે આઘાત-પ્રત્યાઘાત સહન કરવા પડે અને અલિપ્ત રહીએ તો પણ તમે આઘાત-પ્રત્યાઘાતમાંથી મુક્ત ન રહી શકો.

ટાઉનહોલમાં પ્રવચનો દરમ્યાન એક વાર પ.પૂ.મહાત્મા શ્રી યોગેશ્વરજીએ એવો ઉલ્લેખ કરેલ કે હિમાલય જેવા પર્વતપર રહેવું કાંઇ સરળ નથી. મોટા મોટા મચ્છરો તથા બીજી જીવાતો તમને ચેનથી બેસવા પણ ન દે. તમારું મન ધ્યાનમાં કે એવી પ્રવૃત્તિમાં સ્થિર પણ ન થઇ શકે. ઠંડી અને ગરમી પણ સહન કરવાનું સહેલું નથી.

એક વખત એક સત્સંગપ્રેમી ભાઈ સાથે સંત શ્રી આશારામજીના આશ્રમે ગયેલ. તે દિવસે રવિવારનો દિવસ

હતો. આશ્રમમાં બુધ તથા રવિવારે ભજન, કીર્તન, તથા સત્સંગ યોજાય છે. અમો ગયા ત્યારે સત્સંગ ચાલતો હતો. તેમણે પણ મહાત્માજીના આદેશનો જ પડઘો પાડયો કે ગૃહત્યાગ કરી હિમાલય જેવા પ્રદેશમાં રહી સાધના કરવી કાંઈ સહેલું નથી. સખ્ત ઠંડી તથા અસહ્ય ગરમી સહન ન થઈ શકે. ઉપરાંત જંગલોમાં આવેલ વૃક્ષોને હિસાબે મોટા મોટા મચ્છરો, માખીઓ તથા ઝેરી જીવાતો તમને ચેનથી બેસવા ન દે. તેથી સંસારી માટે સંસારમાં જ રહીએ અને તે રીતે સાધન ભજન કરવું સુયોગ્ય છે. છતાં પણ મારા મનનું સમાધાન થતું નહોતું. હું એમજ માનતો કે સંત મહાત્માઓ આવો ઉપદેશ આપે જેથી સંસારના પરિતાપો-થી દાઝેલાના મન સંસારમાંથી ઉપરામ ન બને. મારા વિચારો એવા દૃઢ થઇ ગએલ કે સંસારમાં રહી પ્રભુપરાયણ માર્ગે પ્રગતિ થઇ જ ન શકે. પ. પૂ. મહાત્માજી તથા સંત શ્રી આશારામજીના ઉપદેશને કેવળ આશ્વવાસન જ માનતો.

હમણાં જ કોઈ પ્રેમી સાધકભાઇએ ધ્યાનકેન્દ્રથી લાયબ્રેરી-માં ભેટ આપેલ તાજેતરમાં જ ગુજરાતમાં રાજકોટ જિલ્લામાં આવેલ ગોંડલ નજીક ‘ રીબ ’ નામના તદ્દન નાના ગામમાં જન્મે મોચી જ્ઞાતિમાં ( ભકતો કે સંત-મહાત્માઓની નાતિ-જાતિ હોતી નથી. ) જન્મેલ અને પછી ગોંડલમાં નિવાસ કરીને રહેલ ‘ શ્રી લાલજીભગત ’ નું જીવન ચરિત્ર ‘ શ્રી લાલ-જીવન જયોત ’ વાચ્યું. તેમાં એક પ્રસંગમાં કોઇ ભાઇને ગૃહકલેશને હિસાબે સંસારત્યાગ કરવાની ઇચ્છા થઇ આવી. તે વાત તેમણે શ્રી લાલાબાપાને કહી. તેની વાત સાંભળી ભકતશ્રી લાલાબાપાએ તેને સલાહ આપી કે તમે ગૃહત્યાગ કરીને કોઇપણ સ્થળે જશો ત્યાં તમને જમવાનો,



રહેવાનો વગેરે પ્રશ્નો તો રહેવાના જ, તો પછી શાંતિથી ઘરમાં જ રહેવું વધારે ઉચિત છે. બને તેટલું પ્રભુભજન, સુવાચન, સત્સંગ વગેરેમાં મન પરોવવું જેથી સાંસારિક કલેશો આપો-આપ શમી જશે.

હાલ પ. પૂ. શ્રી મહાત્મા યોગેશ્વર રચિત ‘ ભગવાન શ્રી રમણ મહર્ષિ ’ ની ( પ્રથમ આવૃત્તિ )નું અધ્યયન ચાલી રહ્યું છે. તેમાં નીચે પ્રમાણે પ્રસંગોનું વાચન કર્યા પછી મારા મનનું સમાધાન થયું. (ક્રમશઃ)

મને વધારેમાં વધારે ડર છે સૃષ્ટિના સર્જકનો—એના પછી વધારેમાં વધારે ડર છે એ લોકોનો, જેઓ આ સર્જકથી ડરતા નથી.

*

ગુસ્સાની સરહદ સમાપ્ત થાય છે ત્યારપછી જ પસ્તાવાનો પ્રદેશ શરૂ થાય છે.

# વિચાર મૌતિકો

સ્વામી વિવેકાનંદ

ભારતવાસીઓએ દેશની સીમાઓ ઓળંગીને બહાર નીકળવું જોઇએ અને દૂર દૂરના દેશો સાથે સંબંધ બાંધીને વિચાર વિનિમય કરવો જોઇએ. એમ કરવાથી જ આપણી ક્ષતિઓનું આપણને સાચું ભાન થશે. નહિતર કૂપમંડૂકની પેઠે આપણા વિચારો સંકુચિત બની રહે અને તેથી રાષ્ટ્રની પ્રગતિ પણ રુંધાય.

* * *

ગીતા અને ગંગા એમાં જ હિંદુઓનું હિંદુત્વ છે. ગયા વખતના પ્રવાસમાં મેં પણ થોડું ગંગાજળ સાથે રાખેલું. કોણ જાણે ક્યારે ખપ પડે! મને તક મળતી કે તરત એકાદ આચમન પી લેતો. પરંતુ પશ્ચિમના એ માનવ–સમુદાય વચ્ચે, તેમની સંસ્કૃતિના કોલાહલમાં, કરોડો માનવીઓની ઘેલછાભરી ઉતાવળ અને દોડાદોડી વચ્ચે એ જલપાન કરતાં જ મારું મન જાણે કે શાંત થઈ જતું. એ માનવ–મેદની એ રજોગુણી ઉથલપાથલ, ડગલે ને પગલે હરીફાઇ, અમરાવતી જેવા વિલાસના ક્ષેત્રરૂપ એ પેરિસ, લંડન, ન્યૂયોર્ક, બર્લિન, રોમ—બધાંય અદૃશ્ય થઈ જતાં અને હું એ જ પેલો 'હર હર'નો નાદ સાંભળતો, હિમાલયના ખોળામાં આવેલાં એ એકાંત વનો જોવા લાગતો. હૃદય, મસ્તક અને નસેનસમાં સંચરતી અને 'હર હર'ના નાદથી કલ્લોલ કરતી દેવનદીનો સ્પર્શ ( ગંગાનો સ્પર્શ ) હું અનુભવતો.

* * *



મોટા માણસો–પંડિતો કે પૈસાદાર લોકો તમને સંભારે કે ન સંભારે, સમજે કે ન સમજે, તમારી સ્તુતિ કરે કે નિંદા કરે, તેનો કંઇ અર્થ નથી. તેઓ માત્ર શોભારૂપ છે. દેખાવ માત્રના જ છે! કરોડો નીચલા થરનાં લોકો જ દેશનું જીવન છે. સંખ્યાની કંઇ ગણતરી નથી. લક્ષ્મી કે ગરીબાઇને કંઇ લાગતું વળગતું નથી. વિચાર વાણી અને કાર્યમાં સંગઠિત થયેલા એક મૂઠીભર માણસો પણ દુનિયામાં ઉથલપાથલ કરી નાખી શકે! આ શ્રદ્ધા કદી ગુમાવશો નહિ. મુશ્કેલીઓ જેટલી વધારે તેટલું વધુ સારું.

પ્રવાહમાં જો કોઇ પ્રતિરોધ ન હોય તો તેનો વેગ વધે ખરો કે? વસ્તુ જેટલી નવી, જેટલી સારી, તેટલા પ્રમાણમાં તેની સામે શરૂઆતમાં વિરોધ વધારે થવાનો. વિરોધ સફળતાનું પૂર્વ લક્ષણ છે; જ્યાં વિરોધ ન હોય, ત્યાં સફળતા પણ ન હોય.

## પરમ પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનો કાર્યક્રમ

પરમ પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તથા પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનો તા. ૨૦–૧૨–૮૩ થી ૩–૧–૮૪ સુધી વડોદરા ખાતે જાહેર પ્રવચનોનો કાર્યક્રમ છે.

તે પછી તેઓનો કાર્યક્રમ રાજસ્થાનના બીકાનેર જોધપુર વગેરે ખાતે થવા વકી છે. તારીખ નકકી થયેથી જણાવશું. મોરબી અને રાજકોટ ખાતેના તેઓના કાર્યક્રમો પૂરા થયા છે.

# શરણાગતિ

ફાધર વાલેસ

ઈશ્વરેચ્છાને અધીન થઈને જીવવું એ ઊંચામાં ઊંચી સાધના છે. તપ ને સંયમ, ઈંદ્રિયદમન ને વૃત્તિનિરોધ તો જોઈએ જ, પણ એ જાણે તૈયારીની સાધના છે. હોડીને નદીના પ્રવાહમાં તરતી મૂકવા તેનું લંગર ઉપાડવું જોઈએ. તેનાં બંધન કાપવાં જોઈએ. પણ તેની ગતિ તો પ્રવાહના ખેંચાણને આભારી છે. આત્માનાં પરિગ્રહનાં બંધન અને સ્વાર્થનું લંગર પણ જાત જાતની તપશ્ચર્યા કરીને છોડાવવાં જોઈએ. પરંતુ કલ્યાણસાગર તરફની એની શુભ ગતિ ભકિતગંગાની તાણને લીધે છે.

માણસનો ધર્મ પોતાને અર્પણ કરવાનો છે; પોતાની જાતને સરળ, સહજ, અનુકૂળ બનાવીને ઇશ્વરના હાથમાં મૂકવાનો છે.

પ્રવૃત્તિની મદદથી નિવૃત્તિ પ્રાપ્ત કરવાની યુકિત છે.

કરવા કરતાં કરવા દેવાની જ વાત છે.

પ્રયત્ન દ્વારા અનુગ્રહ પામવાની ઉમેદ છે.

દુઃખની વાત એ છે કે એ તૈયારીની પ્રવૃત્તિઓ ચલાવતાં માણસને ક્રિયાશીલતાની ટેવ પડે છે. આરંભની તેજ સાધના કરતાં એને કર્તાપણાનું અભિમાન ચડે છે. અને જ્યારે પોતાની જાતને ઈશ્વરને સોંપવાનો સમય આવે ત્યારે એ પોતાની પ્રવૃત્તિને વળગી રહે છે. મમત્વ છોડવા એ તૈયાર થતો નથી.

ઊંધું પરિણામ આવ્યું છે.

સહજતા લાવવાની પ્રક્રિયાને લીધે પોતે જડ બન્યો છે.

અહં સામે જેહાદ ચલાવતાં એનામાં અહંકાર વધ્યો છે.



ઘોડાને પલોટવા લગામ હાથમાં લીધી હતી, પણ ઘોડો બરાબર પલોટાયો ત્યારે એનો મોહ લાગ્યો હતો કે હવે લગામ ભગવાનના હાથમાં સોંપતાં દિલ ન ચાલ્યું.

સાધનાનું સાચું સ્વરૂપ કવિવર ટાગોર એક સુંદર ઉપમા દ્વારા સમજાવે છે: "વહાણ ચાલે છે એનાં બે અંગ છે. એક સુકાન અને બીજું સઢ. સુકાન ખૂબ સખ્ત હાથે પકડી રાખવું જોઈએ. ધ્રુવના તારા તરફ નિશાન સ્થિર રાખીને સીધો રસ્તો પકડીને ચાલવું જોઈએ. એ માટે જ્ઞાન અને શકિત આવશ્યક છે. બીજું એક કામ છે અનુકૂળ પવનમાં વહાણને સોંપી દેવું. વહાણને જેટલા સઢ હોય તે બધાને એવી રીતે ખોલીને ગોઠવવા કે પવનનો પૂરેપૂરો લાભ મળે. પોતાને નિયમને માર્ગે દૃઢપણે પકડી રાખવાની સાધના ઘણી જગ્યાએ જોવા મળે છે. પરંતુ પોતાની જાતને ઈશ્વરના હાથમાં સોંપી દેવાની સાધના બહુ ઓછી જગ્યાએ જોવા મળે છે."

આધ્યાત્મિક સાધનામાં પણ એમજ છે. એક બાજુમાં જેમ પોતાના જ્ઞાનને વિશુદ્ધ અને શકિતને સક્રિય રાખવાં જોઈએ, તેમ બીજી બાજુથી ઈશ્વરની ઇચ્છા આગળ પોતાની જાતને સંપૂર્ણ સમર્પિત કરી દેવી જોઈએ. પણ માણસ પોતાની જાતને પોતાના હાથમાં રાખવા ઈચ્છે છે, છોડવા ઇચ્છતો નથી. કોઇ કઠોર વ્રતમાં તેને રોજ રોજ પોતાની શકિતનો પરિચય મળે છે. રોજ રોજ તે હિસાબ કરીને જોઇ શકે છે કે નિયમ દૃઢ રાખીને આટલું ચાલી શકાયું. એમાં એને વિશેષ પ્રકારનો આનંદ મળે છે.

સુકાન મારા હાથમાં રહે એમાં મને સલામતી લાગે છે, જ્યારે ખરી સલામતી ભગવાનને સુકાની બનાવવામાં જ છે. મને તો નથી નૌકાવિદ્યાનું જ્ઞાન કે નથી ભવસાગરનો અનુભવ. એટલે વહાણની જવાબદારી માથે લેવામાં ભારે જોખમ છે. પણ એ જોખમ મીઠું લાગે છે, જ્યારે સલામતી નીરસ લાગે.

# મારી પ્રાર્થના ફળી

મમતા ભાટિયા

ભારત વર્ષ સંત મહાત્માઓની દેવભૂમિ છે. આ ભૂમિમાં આજેય અનેક સંતો છે, જે એમને સાચા દિલથી પુકારે છે, એમની પ્રાર્થના સાંભળે છે ને મદદ કરે છે.

મારા ગુરુ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી છે. જીવનમાં જ્યારે પણ નાની મોટી મુશ્કેલીઓ આવે છે, ત્યારે હું હંમેશાં એમને પ્રાર્થું છું ને એ મને મદદ પણ કરે છે.

ગયા ઓગસ્ટ મહિનાની આ વાત છે.

મારે એક સામાજિક પ્રસંગે દિલ્હી જવાનું થયું. એ પ્રસંગ મરણનો હતો અને એની વિધિ રવિ ને સોમવારે હતી. વચ્ચે મારી પાસે એક અઠવાડિયાનો સમય ફાજલ હતો. એટલે હું મારી મા સાથે વૃંદાવનની યાત્રાએ નીકળી પડી. અમારે ૭મી તારીખે સવાર સુધીમાં દિલ્હી પાછા ફરવાનું હતું. અમે તારીખ છઠ્ઠીએ સાંજે વૃંદાવનથી પાછા ફરવાનું નક્કી કરી રાખેલું.

વૃંદાવનની પવિત્ર ભૂમિમાં ભગવાન કૃષ્ણની અનેક બાળ-લીલાઓને યાદ કરવામાં અમારા દિવસો ક્યાં પસાર થઈ ગયા, એની ખબર જ ન પડી.

છઠ્ઠી તારીખે પાઠપૂજા પતાવી અમે રાસ જોવા જવાનાં હતાં. પરંતુ મંદિરમાંથી બહાર નીકળતાં જ ખબર પડી કે વૃંદાવનમાં તે દિવસે ભારે તોફાન છે. લાઠી ચાર્જ પણ થયો છે. બજાર બધાં બંધ થઇ ગયાં છે ને શહેરમાં કર્ફ્યુ જાહેર થવાની શકયતા વિષે લોકો વાતો કરતા હતા. એથી અમે



રાસમાં જવાનું માંડી વાળ્યું ને સીધાં અમારા ઉતારે ધર્મ-શાળામાં આવી ગયાં.

પછી વિચાર્યું કે હવે રોકાવું સારું નથી. તોફાન વધશે તો બસ સ્ટેન્ડે પહોંચાશે નહિ. એટલે સામાન લઇ ધર્મશાળા-ની બહાર નીકળ્યાં.

પરંતુ... લોકોએ અમોને આગળ જવાની ના પાડી. રીક્ષા ટેકસી બધું બંધ થઈ ગયું હતું એટલે બહાર ઊભેલા લોકોએ કહ્યું હાથે કરી મોતના મુખમાં શું કરવા જાઓ છો ?

આથી ધર્મશાળાના દરવાજેથી જ નિરાશ થઇ અમે પાછા ફર્યાં. બજાર બંધ હતું એટલે બહાર જમવા જઈ શકાય એમ હતું જ નહિ. ત્યાં તો અમારી પડોશમાં ઉતરેલા એક બહેને અમને આગ્રહપૂર્વક એમની ઓરડીએ લઈ જઈ પ્રેમપૂર્વક જમાડ્યાં. આમ ભગવાન કૃષ્ણચંદ્રની કૃપાથી અમારો જમવાનો પ્રશ્ન તો ઉકલી ગયો.

હવે આરામ કર્યા સિવાય છૂટકો ન હતો. મેં આડા પડી મોઢા ઉપર સાડીનો છેડો ઢાંકી ગુરુદેવને પ્રાર્થના કરવા માંડી. ‘હે ગુરુદેવ, અમે તો ભારે મુશીબતમાં ફસાયાં છીએ. આજ રાત સુધીમાં દિલ્હી ન પહોંચીએ, તો જ્ઞાતિમાં અમારી ભારે હાંસી થશે. પ્રભુ હું તો તમારી શરણાગત છું. એટલે મારી લાજ રાખજો.’

આમ પ્રાર્થના કરતાં કરતાં મારી આંખ કયારે મળી ગઈ, એની મને ખબર જ ન રહી.

હું જાગી ત્યારે દોઢ વાગ્યો હતો. હવે શું કરવું એના વિચારમાં જ હતી, ત્યાં બાજુમાંથી એક બહેન ધર્મશાળા બહાર કચરો નાખવા ગયેલાં એ આવ્યાં. એમણે કહ્યું, “ચાલો અત્યારે થોડી શાંતિ છે. હમણાં જ બે ભાઈઓ

મથુરાથી આવ્યા, તેમણે સમાચાર આપ્યા છે. મારે પણ દિલ્હી જ જવું છે."

અમે ત્રણે જણ સામાન લઈ બહાર ચાલ્યાં. રસ્તામાં બે ત્રણ જગાએ અમને રોકયાં. પણ અમે ગલીઓમાં થઇને આગળ વધ્યાં. મારા મનમાં ગુરુદેવના જપ ચાલતા હતા. થતું હતું સુખરૂપ પહોંચી જવાય તો સારું. પંદરેક મિનિટમાં બસસ્ટેન્ડે પહોંચ્યાં. ત્યારે જીવને થોડી શાન્તિ થઈ.

ત્યાં પહોંચી અમે બસની તપાસ કરતાં હતાં, ત્યાં એક ભાઈએ અમને કહ્યું, "દિલ્હીની બસ ઊભેલી જ છે." બસમાં જગ્યા પણ હતી, કારણ કે તોફાનના કારણે ખાસ પેસેન્જરો હતા નહિ.

બસમાં બેસતાં જ ગુરુદેવની અનહદ કૃપા બદલ મારું અંતર ભાવવિભોર બની ગયું.

મુખ્ય વાત તો એ હતી કે જીવનમાં વજન ઊંચકીને ચાલવાનો મને કોઇ અભ્યાસ ન હતો. છતાં તે દિવસે મારે ખાસ્સું વજન ઊંચકીને ચાલવાનું હતું. હું તે વજન કેમ કરી ઊંચકીને એટલું લાંબુ અંતર ચાલી શકી એનું મને આજેય આશ્ચર્ય થાય છે!

પાછળથી મને ખબર પડી કે અમારા નીકળી ગયા પછી વૃંદાવનમાં તોફાન થવાથી કરફ્યુ જાહેર કરવામાં આવેલો.

ગુરુદેવની અસીમ કૃપાથી જ અમે સહીસલામત રીતે નીકળીને સમયસર રાતે દિલ્હી પહોંચી ગયાં. ગુરુદેવે મારી પ્રાર્થના સાંભળી હોય એ રીતે ઘટનાઓ બનતાં મારા શ્રદ્ધાળુ મનને ખૂબ આનંદ થયો. આખે રસ્તે મને એજ વિચારો આવતા રહ્યા. થયું સાચા દિલની પ્રાર્થના સંભળાય છે જ.



# પ્રકાશના પંથે

( ગતાંકથી ચાલુ )

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

દિવાળી પછી અમે તારાબેનને લઇને સરોડા પહોંચ્યા. ઈશ્વરની ઇચ્છાથી સરોડાની ભૂમિ મારા જીવન સાથે સંકળાયેલી છે. તે મને સંતોષકારક ને શાંતિમય લાગે છે. પરંતુ ગામમાં કેળવણી અને સંસ્કારનું પ્રમાણ ઘણું ઓછું છે. ગામમાં કુસંપ, ફાટફૂટ ને રાગદ્વેષનો પાર નથી. આજુબાજુના અવશેષો પરથી ભૂતકાળમાં તેનું ગૌરવ ઘણું ને વિસ્તાર મોટો હશે એવું અનુમાન થાય છે.

ગામના માણસોને માટે મારા જીવનનો ઇતિહાસ તદ્દન નવો હતો. તેમાંના મોટા ભાગના માણસોને હિમાલયની જ માહિતી પણ ન હતી. એટલે નાની ઉમ્મરમાં શાંતિ ને મુક્તિ માટે મારી હિમાલયમાંની સાધના તેમની કલ્પના બહારની જ વાત હતી. વળી મારો વેશ પણ તેમને વિચિત્ર લાગતો. આથી ગામમાં મારા વિષે ભાતભાતની વાતો થતી. મારા વિચાર, વર્તન અથવા ભાવને કેટલાક ગાંડપણમાં ગણનારા લોકો પણ હતા. પરંતુ મને તેમના અજ્ઞાન માટે અનુકંપા થતી. પૂર્વજન્મનું જ્ઞાન થયા પછી મારામાં અનાસકિતનો ભાવ દૃઢ થયો. મારા સત્ય સ્વરૂપનું જ્ઞાન થવાથી રાગ ને દ્વેષના ભાવો મારામાં નહોતા ઊઠતા. એક પ્રકારની ઊંડી શાંતિનો અનુભવ મને હંમેશાં થયા કરતો.

સરોડામાં મને પ્રેમ ભાવે જોનારા બે પુરુષો મુખ્ય હતા. એક ઈશ્વરલાલ પુરાણી ને બીજા રમતાશંકર. તેઓ ગામના રત્ન સમાન હતા. પુરાણી ભાગવત, ગીતા અને અદ્વૈત વેદાંત

ના રસિયા એવા ગૃહસ્થી હતા, વિરક્ત પુરુષ હતા. રમતાશંકરને પણ રામાયણ, મહાભારત ને ભાગવતનું પારાયણ કરવાનો નિયમ હતો. તેઓ ભજનો પણ ગાતા.

સરોડામાં થોડા દિવસ રહી, પ્રેમી નારાયણભાઇના આમંત્રણથી મુંબઇ જવા વિદાય લીધી. સરોડામાં તે વખતે, તારાબેન અને માતાજી ઉપરાંત પિતાજીનાં માતાજી સાકુબા પણ હતાં. તેમણે આંખોની દૃષ્ટિ છેલ્લા કેટલાક વખતથી ખોઇ નાખેલી. તેમનું હૃદય નિષ્કપટ ને નિષ્પાપ હતું. એટલે માતાજીને તેમની સેવા માટે રહેવું પડે તેમ હતું. તે વખતે મારી સાથે રહેવાની માતાજીની ઇચ્છા એક દિવસ પૂરી થશે, એની કલ્પના પણ તેમને ક્યાંથી હોય! પરંતુ ઈશ્વરની લીલા અપાર છે. પ્રભુએ એમની એ ઇચ્છા કેટલાય વખતથી પૂરી કરી છે.

ઇ. સ. ૧૯૪૪નું વર્ષ મારા જીવનમાં ભારે મહત્ત્વનું શકવર્તી સાબિત થયું. એ વરસે મને શાંતિ આપી અને અનેક અવનવા અનુભવો પૂરા પાડયા.

## કવિવર ન્હાનાલાલનો મેળાપ

ગુજરાતી સાહિત્યમાં રસ લેનારા માનવો કવિ ન્હાનાલાલના નામથી પરિચિત હોય જ. ગુજરાતી સાહિત્યમાં ન્હાનાલાલ યુગ ચાલે છે, એજ એમની મહત્તા દેખાડે છે. અમદાવાદમાં હું જેમને ત્યાં ઉતર્યો હતો ત્યાં ખાસ આમંત્રણથી તેઓ એક દિવસ સાંજે આવી પહોંચ્યા. આમ તેમના પરિચયનો લાભ સહેજે મળી ગયો.

મુંબઇના નિવાસ દરમ્યાન મેં તેમના પુસ્તકોનું વાચન રસપૂર્વક કરેલું. તેમનું સાહિત્ય મને ખૂબ જ ગમી ગયેલું. તેમની ઉચ્ચ કલ્પના ને ચિંતનશકિત, શબ્દો ને ભાવોની



કલાત્મક પસંદગી ને શૈલી માટે મને માન હતું. તે વિવિધ ગ્રંથોના વાચનથી ઉત્તરોત્તર વધતું ગયું.

તે પહેલા પરિચયે જ ખૂબજ સાદા ને નમ્ર છે, એવી છાપ મારા પર પડી. સાહિત્યની ચર્ચા પછી મેં તેઓને મારાં લખેલાં અનંતસૂરના કેટલાંક હસ્ત લેખિત ગદ્યકાવ્યો બતાવ્યાં. તે જોઇ તે પ્રસન્ન થયા ને કહેવા લાગ્યા–તમે તો મંથન કરી અમૃત કાઢયું છે. ખરેખર તમારું લખાણ ઊંચી કોટિનું છે.

તેમના શબ્દો પરથી મને લાગ્યુ કે તેઓ ગુણગ્રાહી છે. તે સિવાય, કુશળ ઝવેરીની જેમ મારાં સાધારણ કાવ્યોની તેઓ આવી સુંદર પ્રશસ્તિ ના જ કરે.

તેમના આમંત્રણથી બેચાર દિવસ પછી તેમની વળતી મુલાકાત અમે લીધી. એલિસબ્રીજ પરના તેમના મકાનમાં અમારું સ્વાગત તેમણે ખૂબ ભાવપૂર્વક કર્યું તેમનો પ્રેમ ભારે હતો. તે વખતે તેમણે હાથમાં તંબુરો લઇને ત્રણ ચાર ભજનો ગાયાં. તે પ્રસંગ સદા માટે યાદ રહેશે. તે વખતના ન્હાનાલાલ જાણે જુદા જ હતા. તેમના હૃદયનો ભકિતભાવ તેમના સુમધુર કંઠમાં ઠલવાયા કરતો. તેમનું આર્થિક જીવન સારું ન હતું. એમ મેં સાંભળેલું. આમ છતાં કવિના મન ઉપર તેની કોઇ ખાસ અસર ના દેખાતી.

કવિની નમ્રતાનો બીજો પ્રસંગ; વિદાય વખતે તેઓએ તેમની અપ્રકટ રચના 'હરિસંહિતા' મારા હાથમાં મૂકી સૂચના કરી : 'આ મારી નવી રચના છે. જરા નિરાંતે જોઇ તે કેવી લાગે છે, તે વિષે મને અભિપ્રાય આપજો.'

મેં કહ્યું : 'તમારી રચના વિષે હું શું અભિપ્રાય આપી શકું ?'

'કેમ ના આપી શકો ?' તે તરત બોલી ઊઠયા. "તમે ઘણું ઘણું જાણીને કહી શકશો."

એમના આગ્રહથી મારે હરિસંહિતા લેવી પડી. બીજા કોઈ અભિમાની કવિને મારા કે કોઈના અભિપ્રાયની શી પડી હોય !

તે પછી તેમને મળવાનો પ્રસંગ ન મળ્યો. પણ 'હરિ-સંહિતા' વાંચીને પાછી મોકલતાં મેં લખી જણાવ્યું કે "હરિ-સંહિતા મને ગમી છે. મોરનાં ઇંડાને ચીતરી બતાવવાની જરૂર નથી. તેમ તમારી કૃતિની પ્રશસ્તિ પણ જરૂરી નથી– પ્રત્યેક કૃતિ પોતે જ પોતાની પ્રશસ્તિ છે."

કવિ ન્હાનાલાલનો પ્રત્યક્ષ પરિચય મારા માટે થોડો હતો. પણ તેથી મારો તેમના પ્રત્યેનો પ્રેમ ખરેખર વધી ગયો. કવિ ન્હાનાલાલનું સ્થાન ગુજરાતી સાહિત્યમાં અનન્ય છે. તેમણે ગુજરાતી સાહિત્યને સુશોભિત, સુસમૃદ્ધ, યશસ્વી કર્યું છે. કવિની ડોલન શૈલીનો પ્રયોગ કોઇને ગમે કે ના ગમે, તેમ છતાં તેમના સાહિત્યને ગુણવત્તાને આધારે મૂલવવું જરૂરી છે,સાહિત્યનો પ્રકાર ગદ્ય, પદ્ય કે અપદ્યાગદ્ય ગમે તે હોય, તેથી તે સાહિત્ય મટી જતું નથી. સાહિત્યમાં નવા પ્રયોગો આદરણીય ગણાવા જોઇએ. તેઓનું સાહિત્ય ખુલ્લા મને સૌ વાંચે ને વિચારે એમ હું ઈચ્છું છું.

ઈ. સ. ૧૯૪૫ની શરૂઆતમાં મારે મુંબઈ જવાનું થયું. ત્યારે મેં નારાયણભાઇને મારી જીવનસાધનાથી વાકેફ કર્યા. તે જાણીને તેમને આનંદ થયો. તે મને વિદ્યાભ્યાસકાળથી જાણતા. તેમનું હૃદય પવિત્ર હતું. તેમનામાં ઘણા સદ્‌ગુણો ને સાધનાનાં રહસ્યો સમજવાની શક્તિ હતી. તેમની ભારો-ભાર સરળતા, સાદાઈ ને નિષ્કપટતાને કહી બતાવવા મારી



પાસે શબ્દો નથી. તે વખતે તેઓ બી. એ. ની પરીક્ષા પાસ કરી સુનીતિ ગર્લ્સ હાઇસ્કૂલમાં કામ કરતા. અભ્યાસકાળ દરમ્યાન તે એક ચારિત્ર્યશીલ ને બુદ્ધિશાળી વિદ્યાર્થી ગણાતા. તેમને ત્યાં મારે જેટલા દિવસ રહેવાનું થયું તેટલા દિવસ તે અતિશય આનંદમાં રહ્યા. તેમના માતાપિતા પણ પ્રેમાળ, પ્રભુપરાયણ ને પવિત્ર હતાં.

છેવટે ઇ. સ. ૧૯૪૫માં મેં હિમાલય માટે પ્રસ્થાન કર્યું ત્યારે માતાજી સરોડા હોવાથી મળી શકાયું નહિ.

આ આત્મકથાનું લખાણ મેં સત્યને વફાદાર રહી તટ-સ્થતાપૂર્વક લખ્યું છે. એમાં આત્મપ્રશસ્તિ કે બીજા કોઈ પ્રત્યે રાગદ્વેષની ભાવનાથી કંઇ લખ્યું નથી. જે જોયું છે, લાગ્યું છે, સમજાયું છે, જાણ્યું છે, અનુભવ્યું છે, તે નિખાલસભાવે સહજ રીતે આલેખ્યું છે. વાંચકોને તેની પ્રતીતિ થશે જ.

માત્ર ત્રેવીસ વર્ષનો જીવનકાળ બહુ ન ગણાય. છતાં તેમાં અનેક અનુભવો થયા ને જાણે કે યુગોનું જીવન જીવાઇ ગયું જીવનકાળ ચંચળ પાણીના પ્રવાહની જેમ વહી જાય છે. એમાં અચંચળ ને અમર એક પરમાત્મા જ છે. તેમની સાથે જ સંબંધ બાંધી દઢ કરવાનો મારો સંકલ્પ રહ્યો છે.

( ક્રમશઃ )

# પૂ. માશ્રી સર્વેશ્વરીના જન્મદિનની ઉજવણી

હરિભાઈ ભોજાણી

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિન તા. ૧૩ નવેમ્બર. તે દિવસે આ વર્ષે પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો મોરબીમાં ચાલતાં હતાં.

મોરબીના સાધક ભાઇબહેનો પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી પ્રત્યે ખૂબ શ્રદ્ધા ભક્તિ પહેલેથી જ રાખતાં આવ્યાં છે. એમના માટે આ એક સુઅવસર પ્રાપ્ત થઇ ગયો. પૂ. શ્રીની અનુમતિ મળતાં, પૂ. શ્રીના ઉતારા ઉપર જ એક ખાસ સમારંભમાં મોરબી ઉપરાંત રાજકોટ, વડોદરા તેમજ અન્ય સ્થળોથી આવેલ સાધક ભાઇ બહેનોએ ખૂબ સારી સંખ્યામાં પ્રેમભાવપૂર્વક પૂ. માશ્રી સર્વેશ્વરીનું પૂજન અર્ચન કરી પુષ્પમાળાઓથી પોતાની શુભ ભાવનાઓની અભિવ્યક્તિ કરી.

આ પ્રસંગે પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીએ પૂ. મા વિષેનો પોતાનો સ્વાનુભવ સાધક ભાઇ બહેનોને કહી સંભળાવ્યો.

"હું એક વખત કપુરા ખાતે પ્રવચનો માટે ગયેલો, ત્યારે દૈવયોગે મારો ઉતારો પૂ. માના બેનના મકાનમાં જ ગોઠવાયો. તે વખતે નિયમ મુજબ હું રાત્રે બાર વાગે ધ્યાનમાં બેઠો ત્યારે મને જે અદ્ભૂત દૃશ્ય દેખાયું તેનાથી મને ખૂબ આશ્ચર્ય થયું.

સૌ પ્રથમ મને મારા જ ઓરડામાં મારી સામે દક્ષિણેશ્વરનું મંદિર ને ગંગા કિનારો દેખાવા માંડયાં.



તે પછી મારી નજર સમક્ષ મંદિરના ગર્ભભાગમાં પ.પૂ.શ્રી રામકૃષ્ણદેવ જે શ્રી મહાકાળી માતાની મૂર્તિનું પૂજન કરતા, તે દેખાવા લાગી ને છેવટે મારું સમગ્ર ધ્યાન એ મૂર્તિ ઉપર કેન્દ્રિત થયું. તે વખતે થોડી ક્ષણ માટે આસપાસનું બીજું દૃશ્ય જાણે કે વિસરી જવાયું. તે પછી એક અદ્ભૂત ઘટના બની. શ્રી મહાકાળી માતાની એ મૂર્તિના સ્થાને પ.પૂ.માશ્રી સર્વેશ્વરી દેખાયાં ને મારા આશ્ચર્ય વચ્ચે મને પરમાત્માની પરમ શક્તિનો સ્પષ્ટ અવાજ સંભળાયો. જગદંબાએ કહ્યું, "પૂ. માતાજીના સ્વરૂપમાં પણ તમારી સાથે હું જ હતી અને મા સર્વેશ્વરીના સ્વરૂપમાં હું જ છું. હું તમારી સાથે જ રહીશ."

"તે વખતે માશ્રી સર્વેશ્વરી તો નોકરી કરતાં હતાં, પરંતુ પાછળથી જે ઘટનાઓ બની તેના પરિણામે પૂ. મા. શ્રી સર્વેશ્વરી બધું છોડીને મારી માંદગીમાં મારી સારવાર કરવા હાજર થઇ ગયાં. એમનો ત્યાગ, સેવાભાવ ને સમર્પણ ખરેખર અદ્ભુત છે."

પૂશ્રીના આ વકતવ્યે સહુ સાધક ભાઇ બહેનોને એ પ્રતીતિ કરાવી કે પૂ. મા પણ એક દિવ્ય આત્મા છે ને પ. પૂ. શ્રી ના યુગ કાર્યમાં સહાયભૂત થવા માટે તેઓનું પ્રાકટ્ય છે.

પૂ. મા શ્રી સર્વેશ્વરીનું અત્યાર સુધીનું જીવન એકનિષ્ઠ ગુરુભક્તિ, પ્રભુપરાયણતા, સેવાભાવ, ત્યાગ ને સમર્પણની સાક્ષી પૂરે છે. તેઓ પૂ. શ્રીના સાન્નિધ્યમાં રહેવા આવ્યાં પછી તેઓએ પોતાના આત્મિક વિકાસ માટેના સાધન ભજનને તીવ્રતર બનાવ્યું છે અને તેઓને પણ ઘણા ઉચ્ચ આધ્યાત્મિક અનુભવો થયા છે ને થતા રહે છે. ભારતમાં અનેક

આધ્યાત્મિક સંત પુરુષો થયા છે. પૂ. મા ભારતના એ આધ્યાત્મિક વારસાને વધુ પ્રકાશમય ને ગૌરવવંત બનાવશે, એમાં શંકા નથી.

પ્રારંભમાં હરિભાઈ ભોજાણીએ પૂ. માના જીવનનો ટૂંકો પરિચય આપ્યો હતો તેમજ શ્રી ગોરધનભાઇ કલોલાએ પૂ. શ્રી યોગેશ્વરજીની ૧૯૭૯ની ભયંકર માંદગી વખતની પૂ. માની સેવા સુશ્રૂષાની વિગતો જણાવી હતી. વડોદરાના શ્રી વિનુભાઇ અમીન અને શ્રી રાજુભાઇ પુરોહિતે પૂ. માના જીવનના કેટલાક પ્રેરણાદાયી પ્રસંગો કહ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ રામાયણના કથાકાર શ્રી દેવકરણભાઈ રાજાના ભજનથી કરવામાં આવ્યો હતો.

પૂ. માના આગમનથી પૂ. શ્રીના અનેક ભક્તોને આત્મિક માર્ગે આગળ વધવાની પ્રેરણા ને શિક્ષા પ્રાપ્ત થઇ છે. એ રીતે, તેઓ બીજા અનેકોને ભારત અને ભારત બહાર–પ્રેરણા અને પથપ્રદર્શન કરતાં રહેશે એમાં શંકા નથી.

પૂ. માએ સહુ સાધકભાઇ બહેનોનો તેઓની શુભ ભાવનાને લાગણી બદલ આભાર માન્યો હતો.

આ સમારંભની સમાપ્તિ પ્રસાદથી કરવામાં આવી હતી.

આજનું વિજ્ઞાન કેટલું આગળ વધ્યું છે! છેક ચંદ્રલોક સુધી વિજ્ઞાનીઓ જઇ આવ્યા. પણ હજુ સુધી બીજાની અંતરભૂમિ પર જઈ શકતા નથી. ભારે કેમેરાઓથી માઇલો દૂરના ફોટોગ્રાફ લઇ શકે છે પણ હૃદયના વિચારો ઝડપવાનો કેમેરા હજુ શોધાયો નથી.



# રામકથા

(ગતાંકથી ચાલુ)

યોગેશ્વરજી

( શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા )

ઉર્મિલાએ ફૂલોનો સ્વીકાર કરતાં નિષ્કામને શાબાશી આપીને પૂછ્યું:–'તારો અભ્યાસ તો બરાબર ચાલે છે ને?"

નિષ્કામે ઉત્તર આપ્યો:–'અભ્યાસ તો ચાલે છે. પરંતુ વેદ જેવા શાસ્ત્રોનો નહિ પરંતુ તારા ચિંતનમનનનો."

ઉર્મિલાને એ ઉત્તર જરા પણ ના ગમ્યો એટલે એ બોલી–'મને તો એમ હતું કે તારામાં કંઇક સુધારો થયો હશે. પણ હવે મને ખાતરી થઈ કે તું તો હજી એવો ને એવો જ છે. જરા પણ સુધર્યો નથી. હું તારા શાસ્ત્રાભ્યાસ વિશે પૂછું છું ત્યારે તું મારા ચિંતન-મનનની વાતો કરે છે. તને સંકોચ નથી થતો અને શરમ પણ નથી આવતી?'

"સાચુ કહેવામાં શરમ શા માટે આવે કે સંકોચ પણ શું લેવા થાય? મારે કયાં કોઈ ભળતી વાત કરવી છે કે કશું છુપાવવું પડે અને એ પણ તારી આગળ? તું તો તારા પ્રત્યેના મારા મનના ભાવને જાણે જ છે. એ ભાવ હજી એવો ને એવો જ છે. એમાં કશો જ ફેર નથી પડ્યો. હા, એની પ્રબળતામાં વધારો થયો છે ખરો."

"ત્યારે તો મારી શિખામણે તારા પર કશી જ અસર કરી નથી.

'ના, એની અસર મારા પર થાય તેમ પણ નથી. એવી અસરની આશાપણ ના રાખતી.'

"પરંતુ જે અભ્યાસ તારે કરવાનો છે, તેને બદલે મારા ચિંતન-મનનના અભ્યાસથી શું વળશે?"

'વળે કે ના વળે પરંતુ તેવો અભ્યાસ મને આનંદ આપે છે.'

"એ કલ્પનાનો આનંદ તું એને આનંદના નામે ઓળખતો હોય તો પણ નિરર્થક છે. તારા મનની ભ્રાંતિ અથવા મોહદશાને પરિણામે અનુભવાતો એ ક્ષુલ્લક આનંદ જો તું એનો ત્યાગ નહિ કરે તો તારે માટે ભારે નુકસાનકારક થઈ પડશે."

નિષ્કામ પોતાના કપાળ પરની કેશલટોને સરખી કરતાં કહેવા માંડયો:–"મારે તો તને જ્યારે પણ મળું ત્યારે તારો સદ્‌ઉપદેશ જ સાંભળવાનો હોય છે. હું તને કેટલા બધા ઊંડા ઉમંગ અને ઉમળકા સાથે મળવા આવું છું. ને તારી પાસેથી કેવા સ્નેહમય સરસ વર્તાવની આશા રાખું છું? ત્યારે તું તદ્દન લાગણીહીન ને નિર્દય થઈને મારી નેહ નિતરતી ભાવના પર ઠંડું પાણી ફેરવી વાળે છે! તને દરેક વખતે મને સદ્‌ઉપદેશોની લહાણી ધરતા મારા રાગમય હૃદયનો વિચાર જ નથી આવતો."

ઉર્મિલા સહેજ પણ સંકોચ વગર તરતજ બોલી:–"તારો વિચાર કરીને તારા પરની લાગણીને લીધે હું તને મને યોગ્ય લાગે છે તેમ ઉત્તર આપ્યા કરું છું. એને તું સદુપદેશ કહેતો હોય તો પણ એ સદુપદેશ મારે તારા હિત માટે જ આપવો પડે છે. એનો ખ્યાલ રાખજે. હું જે કરું છું, તે તારા અહિત માટે નથી કરતી."

"એ તો કાંઇ તારા કહેવાથી માની લઉં? મારા હિતાહિતનો વિચાર કરવાની શક્તિ મારામાં પૂરેપૂરી છે. એટલે મારું હિત શામાં



રહેલું છે, તે હું સારું સમજી શકું છું. મારું હિત તો તારા પ્રેમની પ્રાપ્તિ કરવામાં જ છે."

"બિલકુલ નહિ તેમાં તારું હિત જરાય નથી. અત્યારે તારે એવો વિચાર જરા પણ ના કરવો જોઈએ. એવો વિચાર અપરાધ-રૂપ છે. અત્યારે તો તારો બધો એ પ્રયાસ તારી જાતનાં ઘડતર અથવા ચારિત્ર્યનાં ગંઠન માટે જ હોવો જોઇએ. એને બદલે તું તો જુદી જ અને અમંગલ દિશામાં આગળ વધી રહ્યો છે.

'ઉર્મિલા' નિષ્કામ અધીરો બનીને વચ્ચે જ બોલી ઊઠયો.

હું તારી બધી વાતો શાંતિપૂર્વક સાંભળી લઉં છું. તું મને વધારે ને વધારે સંભળાવ્યા કરે છે. છતાં પણ મને એનું દુ:ખ નથી. તું ભલે બોલ્યા કર. તારાં વચન વિપરીત હોવા છતાં મારે માટે અમૃત-નાં વર્ષણરૂપ છે. એ મને એવો જ આનંદ આપ્યા કરે છે. એમને સાંભળતા અને એમનાં સ્વાદની મીઠાશ માણતા હું ધરાતો નથી. તું બોલ્યા કર અને હું મારા કાનનાં પાત્રદ્વારા તારા વચનની મધુમયતાને માણ્યા કરું. તું પ્રતિકૂળ બોલવાને બદલે અનુકૂળ વચનો બોલતી હોત તો મને કેટલો બધો વધારે આનંદ આવત?"

ઉર્મિલા શાંતિપૂર્વક સાંભળતી રહી એટલે નિષ્કામ આગળ બોલ્યો.

'મને તો ખાતરી છે, કે આજે જેવી રીતે મેં તને ઉમળકા-ભેર ફૂલ આપ્યાં છે તેવી રીતે એક ધન્ય દિવસે તારા હૃદયમાં પણ મારા માટે પ્રેમભાવ જાગી ઊઠશે. તારું હૃદય પણ મારે માટે આવી જ જાતના ઉમળકાનો અનુભવ કરશે અને તું પણ મારો પ્રેમ જોઈને મને તારો કરવાનો સંકલ્પ કરશે. એ વખતે છૂટા ફૂલો નહિ પરંતુ સુગંધી ફૂલોનો હાર લઈને તું મને વર-માળની જેમ અર્પણ કરવા માટે આવી પહોંચશે. ત્યારે મારું

ચિરસેવિત સ્વપ્ન સિદ્ધ થશે ને મને આનંદ આનંદ થઈ રહેશે.

"તારું એ સ્વપ્ન કોઈ કાળે સિદ્ધ થવાનું નથી. નિષ્કામ તું સંકલ્પ વિકલ્પો કરીને તારા જીવનને બરબાદ ન કર. આજે મારી પાસે વધારે સમય નથી. એટલે તારી સાથે વધારે વાત કરી નથી શકતી. એટલે જ કહું છું, કે તારા વિચારોને વિશુદ્ધ કરવાની કોશિશ કરતો રહેજે."

ભૂતકાળના એ પ્રસંગો જેવા જ બે ત્રણ બીજા પ્રસંગોની સ્મૃતિ ઉર્મિલાને આજે એકાએક થઇ આવી.

એને આજનો પ્રસંગ ફરીવાર યાદ આવ્યો. નિષ્કામે રોષે ભરાઈને છેલ્લે છેલ્લે જે વચનો કહેલાં તે પણ યાદ આવ્યાં અને નિષ્કામની લાગણીવશતાને માટે તેને દયા આવી.

એને થયું કે નિષ્કામે ઉશ્કેરાટમાં આવીને પોતાને ન કહેવાનાં વચનો કહી બતાવ્યાં છે. પરંતુ આખરે તો જે વિધાતાએ ધાર્યું છે, તે જ થશે, અને એ બધું સારું જ કરશે.

એ વિચારથી એને ટાઢક વળી.

# શ્રીમદ્ રાજચંદ્રની અમૃતવાણી

સંગ્રાહક : **સર્વેશ્વરી**

૧. જે રાહથી સંસાર મળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.

૨. જિંદગી ટૂંકી છે, અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર તો જિંદગી સુખમય અને લાંબી લાગશે.

૩. આજ જે પળે તું મારી કથાનું મનન કરે છે તે જ પળે તારું આયુષ્ય સમજી સદ્‌વૃત્તિમાં દોરાજે.

૪. સત્પુરુષ વિદુરના કહ્યા પ્રમાણે આજે એવું કૃત્ય કરજે કે રાત્રે સુખે સુવાય.

૫. કોઇનો પણ સમાગમ કરવો યોગ્ય નથી; છતાં પણ જ્યાં સુધી તેવી દશા ન થાય ત્યાં સુધી સત્પુરુષનો સમાગમ અવશ્ય સેવવો ઘટે છે.

૬. કોઇને અંતઃકરણ આપશો નહીં. આપો તેનાથી ભિન્નતા રાખશો નહીં, ભિન્નતા રાખો ત્યાં અંતઃકરણ આપ્યું તે ના આપ્યા સમાન છે.

૭. આપણે જેનાથી પટંતર પામ્યા તેને સર્વસ્વ અર્પણ કરતાં અટકશો નહીં.

૮. મહાપુરુષનાં આચરણ જોવા કરતાં તેનું અંતઃકરણ જોવું એ વધારે પરીક્ષા છે.

૯. રાગ કરવો નહીં, કરવો તો સત્પુરુષ પર કરવો. દ્વેષ કરવો નહીં, કરવો તો કુશીલ પર કરવો.

૧૦. જે મનુષ્ય સત્પુરુષોનાં ચરિત્ર રહસ્યને પામે છે તે મનુષ્ય પરમેશ્વર થાય છે.

ADHYATM Regd.-No. GBV 113

# સાચા સુધારકો

લોકો બીજાને સુધારી નાખવા આતુર છે, ને તે માટે જ ખાસ મહેનત કરે છે તથા યોજનાઓ બનાવે છે, તે લોકો પણ પોતાની જાતને સુધારવાનું મહત્ત્વ સમજી લઈ તે માટે તૈયાર થશે ને ચિન્તા કરશે તેમ-જ યોજના ઘડશે તો તેમને ઘણો જ લાભ થશે એ નક્કી છે. તે માટે જ સાધના છે. એટલે સાધનાના આ મહાન ને મંગલ માર્ગને માટે એવા ઉમેદવારો જોઈએ છે કે જે પોતાની જાતને સુધારી દેવા તૈયાર હોય; તે માટે જે બીજાની નહિ પણ પોતાની જાતના કાજી બનીને પોતાની ક્ષતિ ને નબળાઈને જાણી લઈને દૂર કરવાની મહેનત કરતા હોય, ને પરમાત્માના પ્રત્યક્ષ અનુભવને માટે જેમને લગની લાગી હોય એવા ઉત્સાહથી ભરેલા ને સર્વોત્તમ સંકલ્પથી કસાયલા અંતરવાળા ઉમેદવારો જ આ માર્ગે સહેલાઈથી આગે-કૂચ કરી શકશે ને સફળતા પણ તેમને જ મળશે. પોતાનો સુધાર કરનારા ને વત્તેઓછે અંશે કરી ચૂકેલા પુરુષો જ બીજાની સુધારણા અલિપ્તતાથી ને વધારે અસરકારક રીતે કરી શકશે.

યોગેશ્વરજી